# AXV

## PROVISIONAL ANSWER KEY (CBRT)

| | |
|---|---|
| **Name of the post** | **Assistant Professor, Economics in Gov. Arts, Science & Com. College, Class-2** |
| **Advertisement No.** | **63/2020-21** |
| **Preliminary Test held on** | **02-09-2021** |
| **Question No** | **001 – 300 (General Studies + Concern Subject)** |
| **Publish Date** | **03-09-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **09-09-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 04-09-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : www.safevaults.in/login**

001. નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

"ઝૂમ વાવેતર" (Jhum cultivation) સંદર્ભમાં નીચેના પૈકી કયા વાક્યો યોગ્ય છે ?

1. ઉત્તર પૂર્વના રાજ્યના આ પ્રકારની પદ્ધતિ અમલમાં છે.

2. આ પદ્ધતિને "સ્લેશ એન્ડ બર્ન પદ્ધતિ" (Slash and burn technique) પણ કહે છે.

3. આ પદ્ધતિને કારણે જમીનની ફળદ્રુપતા ટુંક સમયમાં નાશ પામે છે.

(A) 1, 2 અને 3 (B) 2 અને 3

(C) 1 અને 2 (D) 1 અને 3

002. ધી ગ્રાંડ ટ્રંક રોડ (GJ Road) કે જે સાઉથ એશીયાનો સૌથી જુનો રસ્તો છે તે કયા દેશોમાંથી પસાર થાય છે ?

(A) ભારત અને બાંગ્લાદેશ (B) ભારત, પાકિસ્તાન, અફઘાનીસ્તાન, બાંગ્લાદેશ

(C) ભારત અને પાકિસ્તાન (D) અફઘાનીસ્તાન, પાકિસ્તાન

003. સરદાર સરોવર ડૅમ પ્રોજેક્ટને કારણે કયા રાજ્યોને લાભ મળનાર છે ?

(A) ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ (B) ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ

(C) ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર (D) ગુજરાત અને મહારાષ્ટ્ર

004. બાંગ્લાદેશમાં યમૂના નદીના નામથી ઓળખવામાં આવતી નદી, ભારતમાં કઈ નદીના નામથી ઓળખવામાં આવે છે ?

(A) યમૂના (B) ટીસ્રા

(C) બ્રહ્મપુત્રા (D) ગંગા

005. સદ્દામ બીચ (Saddam Beach) કયા રાજ્યમાં આવેલ છે ?

(A) તામીલનાડુ (B) કેરલા

(C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

006. નીચેના પૈકી કઈ સંસ્થા દહેરાદુન (Dehradun) ખાતે આવે નથી ?

(A) ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઑફ પેટ્રોલીયમ (Indian Institute of Petroleum)

(B) ધી ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડીયા (The Forest Survey of India)

(C) વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટી. ઑફ ઈન્ડીયા (Wild Life Institute of India)

(D) હિન્દુસ્તાન એન્ટીબાયોટીક્સ લીમીટેડ (Hindustan Antibiotics Ltd.)

007. નીચેના પૈકી કયુ બંદર (Port) સૌ પ્રથમ જાહેર કંપની રૂપમાં કાર્યવંત હતું ?

(A) કામરાજર પોર્ટ (Ennore Port, Kamarajar Port)

(B) ટુટીકોરીન પોર્ટ (Tuti corin port)

(C) ન્યુ મેંગલોર પોર્ટ (New Mangalore port)

(D) માર્મગોવા પોર્ટ (Mormugoa port)

008. અલમત્તી ડૅમ (Almatti Dam) "લાલ બહાદુર શાસ્ત્રી ડૅમ" કયા રાજ્યમાં આવેલ છે ?

(A) આંધ્ર પ્રદેશ (B) કર્ણાટક

(C) કેરલા (D) તામીલનાડુ

009. નીચેના પૈકી કયુ રાજ્ય સૌ પ્રથમ "ઓર્ગેનીક સ્ટેટ" (Organic State) તરીકે જાહેર થયેલ છે ?

(A) ત્રિપુરા (B) સીક્કીમ

(C) ગોવા (D) હિમાચલ પ્રદેશ

010. વસ્તીની ગીચતા (Density of population) વધતા પ્રમાણમાં ગોઠવો. (સેન્સસ 2011ના આંકડા મુજબ)

1. અરૂણાચલ પ્રદેશ 2. સિક્કીમ 3. અંદામાન નિકોબાર 4. મીઝોરામ

(A) 4, 2, 1, 3
(B) 1, 2, 3, 4
(C) 1, 3, 4, 2
(D) 2, 3, 1, 4

011. 2011 ના સેન્સસ મુજબ, સૌથી ઓછો સાક્ષરતા દર હોય તેવા કયા રાજ્યો છે ?

(A) રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ અને બિહાર
(B) અરૂણાચલ પ્રદેશ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ
(C) ઝારખંડ, આંધ્ર પ્રદેશ અને રાજસ્થાન
(D) ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાન

012. ગીરી મથકો (Hill stations) અને સબંધીત રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) સાપુતારા – ડાંગ જીલ્લો, ગુજરાત રાજ્ય
(B) પાવાગઢ – પંચમહાલ, ગુજરાત રાજ્ય
(C) પૉનમુડી (Ponmudi) – કેરળ
(D) જોગીમટ્ટી (Jogimatti) – તામીલનાડુ

013. કુમી, કોલટ્ટમ અને કવાડી લોકનૃત્યો (Kumi, Kolattam and Kavadi folk dance) મુખ્યત્વે કયા રાજ્યમાં ભજવાય છે ?

(A) કેરળ
(B) તામીલનાડુ
(C) કર્ણાટક
(D) તેલંગણા

014. સંગીતશાસ્ત્ર (musicology) સંબંધિત પુસ્તકો અને તેના લેખકોની જોડી પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) ચતુરદંડી પ્રકાશીકા (Chaturdandi) – તાનસેન (Tansen)
(B) સંગીત રત્નાકર (Sangeet Ratnakar) – સારંગદેવ (Sarangadev)
(C) બ્રિહદેશી (Brihaddeshi) – માતંગા (Matanga)
(D) સંગીત માર્કન્ડ (Sangeet Markanand) – નંદ (Nand)

015. નીચેના પૈકી, લડાઈની રમતો દર્શાવતું નૃત્ય છે ? (Exclusive Martial art dance)

(A) જાટ-જતીન (Jat-Jatin)
(B) જુમાર (Jhumar)
(C) બીહુ (Bihu)
(D) થંગટા (Thangta)

016. ઑલ-આઈ-લીગાંગ વસંત ઉત્સવ (All-Aye-Ligang - a spring festival) કયા રાજ્યમાં ઉજવાય છે ?

(A) સિક્કીમ
(B) ઓડીસા
(C) આસામ
(D) બિહાર

017. નીચેના પૈકી કયો ઉત્સવ જાન્યુઆરી (January) માસમાં હોતો નથી ?

(A) પોંગલ
(B) ભોગાલી બીહુ
(C) ઉત્તરાયણ
(D) મહાશીવરાત્રી

018. નીચેના પૈકી કયા મહાનુભાવોને 2001 ના વર્ષમાં "ભારત રત્ન" ખિતાબ આપેલ હતો ?

(A) એમ. એસ. સુબ્બાલક્ષ્મી (M. S. Subbulakshmi)
(B) રવિશંકર (Ravishankar)
(C) ઉષા મંગેસકર (Usha Mangeshkar)
(D) બીસમીલ્લાહ ખાન (Bismillah Khan)

019. મંદીરો અને સંબંધીત જીલ્લાઓની જોડી પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. સ્વામીનારાયણ અક્ષરધામ મંદિર - ગાંધીનગર
2. રૂક્મિણી મંદિર - દેવભૂમી દ્વારકા
3. સૂર્ય મંદિર - મહેસાણા
4. શ્રી શત્રુંજય મંદિર - ભાવનગર

(A) 1, 2 અને 3
(B) 1, 2 અને 4
(C) 1, 2, 3 અને 4
(D) 2, 3 અને 4

020. "A promised hand" ના લેખક કોણ છે ?

(A) બરાક ઓબામા (Barack Obama)
(B) ડૉ. મનમોહન સીંઘ (Dr. Manmohan Singh)
(C) ચાર્લ્સ ડીકન (Charles Dickens)
(D) જૉન મીલ્ટન (John Milton)

021. ભારતના મહેલો (Place) અને સ્થળોને ગોઠવો.

| મહેલ | સ્થળ |
|---|---|
| 1. સીટી પેલેસ | a. ભૂજ |
| 2. રામનગર પેલેસ | b. જયપુર |
| 3. ગજનેર પેલેસ | c. વારાણસી |
| 4. પ્રાગ મહેલ | d. બીકાનેર |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - a, 3 - b, 4 - c
(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(D) 1 - c, 2 - d, 3 - a, 4 - b

022. નીચે જણાવેલ હિંદી ભાષાના લેખકો અને તેઓની કૃતિની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) કમલેશ્વર પ્રસાદ સક્સેના - जॉर्ज पंचम की नाक, कोहरा, कथा-प्रस्थान
(B) ભીષ્મ સહાની - तमस, भाग्य रेखा, माधवी, कबीरा खडा बजार में
(C) અમ્રીતા પ્રીતમ - मित्रो मरजानी, बादलो के घर, डारसे बिछुडी
(D) ધર્મવીર ભારતી - सात गीत वर्ष, सपना अभीभी, कनु प्रिया

023. ગુજરાતી લેખકો અને તેમના લખેલ પુસ્તકોને યોગ્ય રીતે ગોઠવો.

| લેખક | પુસ્તક |
|---|---|
| 1. સૌરાષ્ટ્રની રસધાર | a. ઝવેરચંદ મેઘાણી |
| 2. કૃષ્ણાયન | b. કાજલ ઓઝા વૈદ્ય |
| 3. ભાગ્ય સૌભાગ્ય | c. હરકીસન મહેતા |
| 4. મળેલા જીવ | d. પન્નાલાલ પટેલ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

024. સાહિત્યકાર અને તખલ્લુસની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય છે ?

1. શ્રી સૂરસિંહજી ગોહિલ — કલાપી
2. શ્રી કનૈયાલાલ મુનશી — ઘનશ્યામ વ્યાસ
3. શ્રી બકુલ ત્રિપાઠી — ઠોઠ નિશાળીયો
4. શ્રી ઉમાશંકર જોષી — વાસુકી

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) 1, 2 અને 4 યોગ્ય છે.
(C) 2, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

025. નીચેના પૈકી કયા સ્થળે ઈંટો દ્વારા બાંધવામાં આવેલ ગોદીવાડો (Dockyard) મળી આવેલ છે ?

(A) લોથલ (Lothal)
(B) કાલીબંગન (Kalibangan)
(C) હરપ્પા (Harappa)
(D) મોંહે-જો-દરો Mohen-Jo-Daro

026. ભારતના સૌથી જૂના રાજવંશ (Dynasty)માં કોની ગણના થાય છે ?

(A) ગુપ્ત (Gupta)
(B) મૌર્ય (Maurya)
(C) કુશાન (Kushan)
(D) કણ્વ (Kanva)

027. આયુર્વેદ (Ayurveda)નું મૂળ કયા ગ્રંથમાંથી મળી રહે છે ?

(A) ઋગ્વેદ (Rigveda)
(B) સામવેદ (Samaveda)
(C) યજુર્વેદ (Yajurveda)
(D) અથર્વવેદ (Atharva Veda)

028. શિવાજી મહારાજનો રાજ્યાભિષેક કયા સ્થળે થયેલ હતો ?

(A) પુણે
(B) શીવનેરી
(C) રાયગઢ
(D) પન્હાળાગઢ

029. તીભાગ મુવમેન્ટ 1946 (Tebhega Movement of 1946) થયેલ હતી તે હાલમાં કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) આંધ્રપ્રદેશ
(B) પશ્ચિમ બંગાળ
(C) બિહાર
(D) ઓડીસા

030. 1907 માં સુરત ખાતે મળેલ "ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ"ની બેઠકનું પ્રમુખ સ્થાન કોણે સંભાળેલ હતું ?

(A) દાદાભાઈ નવરોજી
(B) ગોપાલ ક્રિષ્ણ ગોખલે
(C) પંડીત મદનમોહન માલવીયા
(D) રાસ બિહારી ઘોષ

031. ગુજરાતની મહિલાઓ અને તેમના યોગદાનની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય છે ?

(A) ઈન્દુમતી ચીમનલાલ – 1970 માં પદ્મશ્રી એવોર્ડ મળેલ, પ્રથમ ખાદીના દુકાનની સ્થાપના કરી.
(B) પુર્ણીમા અરવિંદ પકવાસા – ડાંગના દીદી તરીકે જાણીતા હતા, કન્યા કેળવણીમાં અગત્યનું યોગદાન હતું.
(C) ઉષા મહેતા – માત્ર આઠ વર્ષની ઉંમરે સાયમન કમીશનના વિરોધમાં જોડાયેલ હતા.
(D) ઉપરોક્ત બધા જ વાક્યો યોગ્ય છે.

032. ગુજરાતના મહાનુભાવો અને તેઓના કાર્યભાર પૈકી કયા જોડકા યોગ્ય છે ?

1. અબ્બાસ તૈયબજી – ગાંધીજીના સહકાર્યકર વડોદરા રાજ્યના મુખ્ય ન્યાયાધીશ
2. અશોક મહેતા – "નેશનલ કાઉન્સીલ ઓફ એપ્લાઈડ ઈકોનોમીક્સ"ના અગ્રગણ્ય સ્થાપક
3. બળવંતરાય મહેતા – પંચાયતી રાજ પધ્ધતીના પ્રણેતા
4. બાલુભાઈ દેસાઈ – ઈન્ડીયન નેશનલ આર્મી (NIA) ના બચાવ પક્ષના અગ્રગણ્ય વકીલ

(A) 1, 2 અને 3 યોગ્ય છે.
(B) 1, 2 અને 4 યોગ્ય છે.
(C) 2, 3 અને 4 યોગ્ય છે.
(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે.

033. ભારતના ભાગલાના વિરોધમાં 3 જુલાઈ 1947 ના રોજ કોના દ્વારા, "કાળો દિવસ" (Black day) ઉજવવામાં આવેલ હતો ?

(A) ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
(B) ફોરવર્ડ બ્લોક
(C) હિન્દુ મહાસભા
(D) મુસ્લીમ લીગ

034. 1922 માં ભીલ સેવા સમાજની સ્થાપના કોણે કરેલ હતી ?

(A) નારાયણ મલ્હાર જોષી
(B) અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર
(C) જ્યોતીબા ફુલે
(D) બાબા આમટે

035. મોપલાહ બળવો (Moplah Rebellion) કયા રાજ્યમાં થયેલ હતો ?

(A) મહારાષ્ટ્ર
(B) કેરળ
(C) ઓરીસ્સા
(D) આસામ

036. 1846 માં અલીંવાલ યુધ્ધ (Aliwal battle) કોના વચ્ચે થયેલ હતું ?

(A) અંગ્રેજો અને મરાઠાઓ
(B) અંગ્રેજો અને અવધના નવાબ
(C) અંગ્રેજો અને શીખો
(D) અંગ્રેજો અને ટીપુ સુલતાન

037. કયા વાઈસરોયના સમયમાં ભારતનું પ્રથમ ''સેન્સસ'' થયેલ હતું ?

(A) લૉર્ડ નોર્થબુક
(B) લૉર્ડ મેયો
(C) લૉર્ડ રીપન
(D) લૉર્ડ લૉયટન

038. પ્લાસીનું યુદ્ધ (Battle of Plassey) કયા વર્ષમાં લડવામાં આવેલ હતું ?

(A) 1782
(B) 1757
(C) 1748
(D) 1764

039. શ્રીરંગપટ્ટન (Srirangapatna) ખાતેની સંધી (treaty) કોના વચ્ચે થયેલ હતી ? ટીપુ સુલતાન અને અંગ્રેજ કંપની તરફથી ………. હતા.

(A) રોબર્ટ ક્લાઈવ
(B) કોર્નવોલીસ
(C) ડલહાઉસી
(D) વૉરન હેસ્ટીંગ

040. ભારતની નાલંદા વિદ્યાપીઠ (Nalanda University) હાલના કયા રાજ્યમાં આવેલ હતી ?

(A) ઉત્તર પ્રદેશ
(B) બિહાર
(C) મધ્ય પ્રદેશ
(D) પંજાબ

041. રવિન્દ્રનાથ ટાગોર (ગુરૂદેવ) દ્વારા નીચેના પૈકી કયા મહાનુભાવને ''દેશ નાયક''નું બિરૂદ આપવામાં આવેલ છે ?

(A) સી. આર. દાસ
(B) મહાત્મા ગાંધી
(C) સુભાષચંદ્ર બોઝ
(D) ભગતસીંગ

042. અકબરના દરબારમાં આવેલ મહાનુભાવો પૈકી કોણે ભાસ્કરાચાર્ય દ્વારા લખાયેલા લીલાવતી (Lilavati) નો પર્શીયન ભાષામાં અનુવાદ કરેલ હતો ?

(A) અબુલ ફઝલ (Abul Fazl)
(B) ફૈઝી (Faizi)
(C) ફતુલ્લા શીરઝી
(D) અતુલ્લા રશીદી

043. 1911 માં સૌ પ્રથમ વાર ધી ઈમ્પીરીયલ લેઝીસલેટીવ કાઉન્સીલ (The Imperial Legislative Council)માં ''મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ'' માટેનું બીલ કોણે રજૂ કરેલ હતું ?

(A) બાલ ગંગાધર ટીળક
(B) સર હરકોર્ટ બટલર
(C) દાદાભાઈ નવરોજી
(D) ગોપાલ ક્રિષ્ણ ગોખલે

044. આધ્યાત્મિક ગુરૂ ''ગદાધર ચટ્ટોપાધ્યાય'' (Gadadhar Chattopadhyay) તેઓના અનુયાયીઓમાં કયા નામથી ઓળખાય છે ?

(A) ઉપેન્દ્રનાથ બ્રહ્મચારી
(B) રામક્રિષ્ણ પરમહંસ
(C) શ્રી અરવિંદો
(D) સ્વામી પ્રભુપાદ

045. ''પૌનાર આશ્રમ'' (Pounar Ashram) નીચેના પૈકી કયા સામાજીક કાર્યકર સાથે સંકળાયેલ છે ?

(A) વિનોબા ભાવે
(B) બાબા આમટે
(C) સ્વામી સહજાનંદ સરસ્વતી
(D) સ્વામી દંડાસ્વામી

046. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) પ્રથમ શીખ યુધ્ધ – લૉર્ડ હાર્ડીંગ (Lord Harding)
(B) બીજુ શીખ યુધ્ધ – લૉર્ડ ડલહાઉસી (Lord Dalhousie)
(C) ચોથુ માયસોર યુધ્ધ – લૉર્ડ વેલેસ્લી (Lord Wellesley)
(D) બંગાળનું કાયમી પતાવટ (Settlement of Bengal) – લૉર્ડ કર્ઝન

047. રાજ્ય સભાના સભ્યશ્રીઓને કોણ ચૂંટે છે ?

(A) સામાન્ય પ્રજાજન દ્વારા
(B) લોકસભાના સભ્યશ્રીઓ દ્વારા
(C) રાજ્યોની વિધાનસભાના સભ્યો તથા કેન્દ્રશાસીત પ્રદેશના સભ્યો દ્વારા
(D) લોકસભા તથા વિધાનસભાના સભ્યશ્રીઓ દ્વારા

048. ચૂંટણી સંબંધિત પીટીશન (અરજી) સાંભળવાની સત્તા કોની છે ?

(A) લોકસભા
(B) રાજ્યસભા
(C) ચૂંટણી પંચ
(D) નામ. હાઈકોર્ટ

049. હાલમાં કેટલામી લોકસભા કાર્યવંત છે ?

(A) 17મી લોકસભા
(B) 16મી લોકસભા
(C) 15મી લોકસભા
(D) 14મી લોકસભા

050. નામ. હાઈકોર્ટ, નામ. સર્વોચ્ચ અદાલત સમક્ષ કેટલા પ્રકારની રીટની માંગણી કરી શકાય ?

(A) 3 (three)
(B) 4 (four)
(C) 5 (five)
(D) 6 (six)

051. નામ. સર્વોચ્ચ અદાલતના વહીવટી ખર્ચાઓ કોના ખાતે ઉધારવામાં આવે છે ?

(A) ન્યાય અને કાયદા મંત્રાલય
(B) ભારતના એકત્રિત ફંડ ખાતે
(C) પ્રશાસનિક સુધારાઓ અને લોક શિકાયત વિભાગ
(D) ગૃહ મંત્રાલય

052. મતદાર થવા માટેની ભારત દેશમાં લઘુત્તમ વયમર્યાદા, કેટલી છે ?

(A) 16
(B) 18
(C) 21
(D) 25

053. ભારતના આકસ્મિક ફંડ (The contingency fund of India) ની જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલ છે ?

(A) 266
(B) 267
(C) 268
(D) 269

054. રાજ્યના માન. મુખ્ય મંત્રીશ્રીનું સ્થાન

(A) દેશના માન. વડાપ્રધાન સમકક્ષ હોય છે.
(B) દેશના માન. રાષ્ટ્રપતિ સમકક્ષ હોય છે.
(C) દેશના માન. રાષ્ટ્રપતિ અને માન. વડાપ્રધાન સમકક્ષ હોય છે.
(D) ઉપરોક્ત પૈકી એક પણ વાક્ય યોગ્ય નથી.

055. સંસદીય સમિતિના સભ્યોની પસંદગી

(A) માન. રાષ્ટ્રપતિશ્રી દ્વારા કરવામાં આવે છે.
(B) માન. વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવે છે.
(C) અલગ અલગ જૂથો અને પક્ષના પાર્લામેન્ટના સભાસદની સંખ્યાને લઈને કરવામાં આવે છે.
(D) (A) અને (B) દ્વારા સહમતથી કરવામાં આવે છે.

056. "Study on the Not-for-Profit Hospital - Model in India" કોના દ્વારા બનાવવામાં આવેલ છે ?

(A) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(B) શ્રમ અને રોજગાર મંત્રાલય
(C) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(D) નીતિ આયોગ

057. કેન્દ્રીય સતર્કતા આયોગ (CVC) પોતાનો અહેવાલ કોને સાદર કરે છે ?

(A) માન. રક્ષામંત્રીશ્રી
(B) માન. ગૃહમંત્રીશ્રી
(C) માન. વડાપ્રધાનશ્રી
(D) માન. રાષ્ટ્રપતિશ્રી

058. કેન્દ્રીય માહિતી પંચ, પોતાનો અહેવાલ સરકારશ્રીને સાદર કર્યા બાદ સરકારશ્રી શું કાર્યવાહી કરે છે ?

(A) આ અહેવાલ ગૃહમંત્રાલયને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.
(B) અહેવાલ માન. વડાપ્રધાનને સાદર કરવામાં આવે છે અને PMO જરૂરી કાર્યવાહી કરે છે.
(C) અહેવાલ બંને ગૃહમાં રજૂ કરવામાં આવે છે.
(D) અહેવાલ કેન્દ્રીય સતર્કતા આયોગને મોકલવામાં આવે છે.

059. નીચેના વાક્યો તપાસો :

1. રાજ્યની વ્યાખ્યામાં ભારત સરકાર, સંસદ, રાજ્ય સરકાર, તેનું વિધાનમંડળ તથા સરકારના નિયંત્રણ હેઠળની તમામ સ્થાનિક અને બીજા સત્તામંડળોનો સમાવેશ થાય છે.
2. ભાગ (4)(ક)ની કલમ 51 ક (51-A) માં ''મૂળભૂત ફરજો''ની જોગવાઈઓ દાખલ કરેલ છે.

(A) પ્રથમ વાક્ય યોગ્ય છે.
(B) બીજુ વાક્ય યોગ્ય છે.
(C) પ્રથમ અને બીજુ બંને વાક્યો યોગ્ય છે.
(D) પ્રથમ અને બીજુ બંને વાક્યો યોગ્ય નથી.

060. નીચેના વાક્યો ચકાસો :

1. બંધારણમાં 73 મા સુધારાથી પંચાયતો અંગેની જોગવાઈઓ દાખલ કરેલ છે.

2. પંચાયતોમાં બેઠકો અનામત રાખવા બાબતની જોગવાઈ કલમ 243 ઘ (243 D) માં દર્શાવવામાં આવેલ છે.

3. પંચાયતોમાં સભ્યપદ માટેની ગેરલાયકાતો કલમ 243 છ (243 F) માં દર્શાવેલ છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

061. નીચેના વાક્યો ચકાસો :

1. પ્રકરણ પાંચની કલમ 148 મુજબ ભારતના નિયંત્રક-મહાલેખા-પરીક્ષક નિમણૂંક થાય છે.

2. ચોથી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના નમૂનામાં તે શપથ લે છે અને તેના ઉપર પોતાની સહી કરે છે.

3. નિયંત્રક-મહાલેખા-પરીક્ષક કચેરીનું વહીવટી ખર્ચ ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવે છે.

(A) 1 અને 2 યોગ્ય છે.
(B) 2 અને 3 યોગ્ય છે.
(C) 1 અને 3 યોગ્ય છે.
(D) 1, 2 અને 3 યોગ્ય છે.

062. વ્યાજનો સંબંધ નાણાં ધીરનાર સાથે છે તો પગારનો સંબંધ કોની સાથે છે ?

(A) કર્મચારી
(B) જમીનદાર
(C) કેદી
(D) વિદ્યાર્થી

063. નીચેના પૈકી કઈ સંખ્યા યોગ્ય નથી ?

(A) 5720
(B) 6710
(C) 2640
(D) 4270

064. ખાલી જગ્યા પૂરો :

4, 7, 12, 19, 28, ___ અને ___

(A) 49, 60
(B) 49, 52
(C) 36, 49
(D) 30, 33

065. નીચેના શબ્દોને યોગ્ય રીતે ગોઠવો.

1. પોલીસ 2. સજા 3. ગુન્હો 4. ન્યાયાધીશ 5. ચુકાદો

(A) 1, 2, 3, 4, 5
(B) 3, 1, 4, 5, 2
(C) 2, 3, 4, 5, 1
(D) 3, 4, 5, 1, 2

066. ખાલી જગ્યા પુરો.

| | | |
|---|---|---|
| 4C | 2B | 3A |
| 28A | ? | 45B |
| 7C | 5A | 15C |

(A) 10C
(B) 10A
(C) 21B
(D) 23C

067. ખાલી જગ્યા પુરો.

| | | |
|---|---|---|
| E | M | H |
| N | O | A |
| I | ? | D |

(A) M (B) N

(C) O (D) P

068. ખાલી જગ્યામાં યોગ્ય સંખ્યા કઈ હશે ?

1849, 1089, ____, 169, 9

(A) 289 (B) 529

(C) 729 (D) 1369

069. ઘરના 20 સભ્યોની સરેરાશ ઉમર 49 વર્ષ છે. જો સભ્યોની સંખ્યામાં દાદાને ઉમેરવામાં આવે તો બધાની સરેરાશ ઉંમર 1 વર્ષ વધે છે. આ સંજોગોમાં દાદાની ઉંમર કેટલી હશે ?

(A) 60 વર્ષ (B) 65 વર્ષ

(C) 70 વર્ષ (D) 75 વર્ષ

070. એક સંખ્યાના 60% માંથી 60 બાદ કરવામાં આવે તો, 60 વધે છે. આ સંજોગોમાં તે સંખ્યા કઈ હશે ?

(A) 100 (B) 200

(C) 300 (D) 400

071. 6 ખુરશી અને ત્રણ ટેબલની કિંમત 27,000 રૂા. છે. 18 ખુરશી અને ચાર ટેબલની કિંમત રૂા. 56,000 છે. તો 1 ખુરશીની કિંમત કેટલી હશે ?

(A) 5000 (B) 3000

(C) 2000 (D) 1500

072. પ્રથમ નળથી ટાંકી 60 મિનિટમાં ભરાય છે, બીજા નળથી 30 મિનિટમાં અને ત્રીજા નળથી 20 મિનિટમાં ભરાય છે. જો ત્રણેય નળ ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાશે ?

(A) 8 મિનિટ (B) 10 મિનિટ

(C) 15 મિનિટ (D) 20 મિનિટ

073. રૂા. 50,000 નું 6% લેખે બે વર્ષના સાદા વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજનો તફાવત કેટલો આવે ?

(A) 150 રૂા. (B) 180 રૂા.

(C) 240 રૂા. (D) 300 રૂા.

074. ખાલી જગ્યા પુરો.

$\sqrt[8]{256} - \sqrt[5]{32}$ = ____

(A) 0 શૂન્ય (B) 2

(C) 4 (D) 8

075. 10 મીટર લાંબા અને 8 મીટર પહોળા ધાબામાં 6 સે.મી. વરસાદ પડે તો તેમાં કેટલું પાણી પડેલ હશે ?

(A) 4800 લીટર (B) 4800 મીટર

(C) 4800 ઘન મીટર (D) 48,00,000 લીટર

076. “સોડા એસીડ - અગ્નિશામક (soda - acid fire extinguishers)”માં કઈ બાબતનો ઉપયોગ થાય છે ?
(A) સોડીયમ ક્લોરાઈડ (Sodium Chloride)
(B) સોડીયમ હાયડ્રોજન કાર્બોનેટ (Sodium Hydrogen Carbonate)
(C) કેલ્શીયમ હાયડ્રોક્સાઈડ (Calcium hydroxide)
(D) એસીટીક એસીડ (Acetic Acid)

077. નીચેના પૈકી કયું એલીમેન્ટ ચમકતું છે પરંતુ બિનધાતુ છે ?
(A) કાર્બન (Carbon) (B) સીલીકોન (Silicon)
(C) નાયટ્રોજન (Nitrogen) (D) આયોડીન (Iodine)

078. હાલમાં કયા નેશનલ પાર્કનો કાર્ય વિસ્તાર લગભગ 3053 હેક્ટર વધારવાનો નિર્ણય થયેલ છે ?
(A) કાઝીરંગા નેશનલ પાર્ક (B) રણથંભોર નેશનલ પાર્ક
(C) ગીર નેશનલ પાર્ક (D) ગુગામલ નેશનલ પાર્ક

079. હાલમાં ગુજરાતના શીવરાજપુર બીચને (દ્વારકા)ને કયો ફ્લેગ આપવામાં આવેલ છે ?
(A) સફેદ ફ્લેગ (White flag) (B) લાલ ફ્લેગ (Red flag)
(C) ભૂરો ફ્લેગ (Blue flag) (D) કેસરી ફ્લેગ (Saffron flag)

080. ગેલ્વેનાઝ લોખંડના પતરાને શાનો ઢોળ (coating) ચડાવવામાં આવે છે ?
(A) સીસુ (Lead) (B) ક્રોમિયમ (Chromium)
(C) જસત (Zinc) (D) કલાઈ (Tin)

081. “બાર” (Bar) એ શાનું એકમ છે ?
(A) તાપમાન (Temperature) (B) ગરમી (Heat)
(C) વિજ પ્રવાહ (Current) (D) વાતાવરણનું દબાણ (Atmospheric pressure)

082. નોટિકલ માઈલ એ શાનું અંતર માપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે ?
(A) નૌ પરિવહન (navigation)
(B) રસ્તો (road)
(C) ખગોળશાસ્ત્ર (astronomy)
(D) બે દેશો વચ્ચેની સરહદ માપવા (measuring the boundries of nation)

083. કાચના ઉત્પાદન વખતે કાચમાં રહેલ હવાના બબલ્સ (Bubbles) દૂર કરવા શેનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) ઓર્સેનિયસ ઓક્સાઈડ (Arsenous Acid) (B) પોટેશીયમ ક્લોરોનેટ
(C) સોડા એશ (D) ફેલ્ડસ્પાર (Feldspar)

084. ખુબ ઉંચાઈએ ઉડતા હવાઈજહાજ (aeroplane) માં,
(A) તેનું આંતરીક હવાનું દબાણ, બહારના હવના દબાણ કરતાં ઓછું રહે છે.
(B) એર પંપની મદદથી હવાઈજહાજનું દબાણ સામાન્ય હવાના દબાણ જેટલું રાખવામાં આવે છે.
(C) હવાઈજહાજનું અંદરનું દબાણ બહારના દબાણ કરતાં વધારે હોય છે.
(D) હવાના દબાણના પ્રશ્નો ઉપરાંત ભેજ, અને ખુબજ ઠંડીના પ્રશ્નો ઉદ્‌ભવે છે.

085. દરરોજ ખાવામાં ઉપયોગમાં લેવાતુ મીઠુ (salt) એ સોડીયમ ક્લોરાઈડ (sodium chloride) છે. બેકીંગ સોડા (baking soda) શું છે ?

(A) પોટેશીયમ ક્લોરાઈડ (potassium chloride)

(B) પોટેશીયમ કાર્બોનેટ (potassium carbonate)

(C) પોટેશીયમ હાયડ્રોક્સાઈડ (potassium hydroxide)

(D) સોડીયમ બાયકાર્બોનેટ (sodium bicarbonate)

086. ધી પીન વેલી નેશનલ પાર્ક (The Pin Valley National Park) કયા રાજ્યમાં આવેલ છે ?

(A) અરૂણાચલ પ્રદેશ
(B) હિમાચલ પ્રદેશ
(C) ઉત્તર પ્રદેશ
(D) મધ્ય પ્રદેશ

087. સામાન્ય રીતે દરીયાના પાણીમાં ખારાશ (Salinity) નું પ્રમાણ કેટલું હોય છે ?

(A) 3%
(B) 3.5%
(C) 4.5%
(D) 35%

088. હેવી વૉટર (Heavy Water) એ

(A) ડ્યુટેરિયમ ઓક્સાઈડ (Deuterium oxide)

(B) પી.એચ.7 (pH7)

(C) વરસાદી પાણી (Rain water)

(D) ટ્રીટીયમ ઓક્સાઈડ (Tritium oxide)

089. ટોકીયો ઓલમ્પીક 2021 માં મળેલ ચંદ્રકો, ખેલાડીઓ અને રમતની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) સુવર્ણ ચંદ્રક – નીરઝ ચોપરા – બરછી ફેંક (Javelin Throw)

(B) સિલ્વર ચંદ્રક – રવિ કુમાર – કુસ્તી

(C) સિલ્વર ચંદ્રક – મીરાબાઈ ચાનુ – વજન ઉપાડવું (Weight Lifting)

(D) સિલ્વર ચંદ્રક – બજરંગ પુનીયા – મુક્કાબાજી

090. ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. દ્વારા જે ચેટબોટ (chatbot) વિકસાવવામાં આવેલ છે તેનું શું નામ છે ?

(A) શ્યુગર (Sugar)
(B) ઉર્જા (URJA)
(C) વિજય (Vijay)
(D) સાથી (Sathi)

091. સને 2021ના અંત સુધીમાં કેટલી નવી ભૂકંપ વેધશાળાઓ શરૂ કરવાનું આયોજન છે ?

(A) 23
(B) 30
(C) 35
(D) 56

092. વર્લ્ડ વૉટર વીક (The World Water Week) ક્યારે ઉજવાય છે ?

(A) 23 ઓગસ્ટ થી 27 ઓગસ્ટ
(B) 20 ઓગસ્ટ થી 27 ઓગસ્ટ
(C) 23 જુલાઈ થી 30 જુલાઈ
(D) 15 જૂન થી 22 જૂન

093. હાલમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (SBI) દ્વારા કયા શહેરમાં હાઉસબોટમાં ATM શરૂ કરવામાં આવેલ છે ?

(A) શીલોંગ
(B) શ્રીનગર
(C) જમ્મુ
(D) કોહીમા

094. ઓનમ (Onam) એ મુખ્યત્વે કયા રાજ્યમાં ઉજવાય છે ?

(A) બિહાર
(B) ઓડીશા
(C) કેરળ
(D) કર્ણાટક

095. ભારતીય નૌસેના દ્વારા "Zair-Al-Bahr" તાલીમ (Exercise) કયા દેશની સાથે કરેલ હતી ?

(A) કતાર | (B) ઓમાન

(C) ઈરાક | (D) ઈરાન

096. શાંઘાઈ રેન્કીંગ (Shanghai Ranking) દ્વારા ARWU (Academic Ranking of World Universities) માં પ્રથમ 500 સંસ્થાઓમાં ભારતની કઈ સંસ્થા/સંસ્થાઓનો સમાવેશ થાય છે ?

(A) ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ - બેંગલુરૂ | (B) IIM - અમદાવાદ

(C) IIT - પવઈ-મુંબઈ | (D) ઉપરોક્ત બધી જ સંસ્થાઓ

097. ભારતનો સૌથી ઉંચો હર્બલ પાર્ક (Herbal Park) કયા રાજ્યમાં આવેલ છે ?

(A) અરૂણાચલ પ્રદેશ | (B) આસામ

(C) ઉત્તરાખંડ | (D) મણીપુર

098. પુણે ખાતે આવેલ આર્મી સ્પોર્ટ ઈન્સ્ટીટ્યૂટના સ્ટેડીયમને કોનું નામ આપવામાં આવનાર છે ?

(A) બજરંગ પુનીયા | (B) નીરજ ચોપરા

(C) સાયના નહેવાલ | (D) MS ધોની

099. ત્રિપિટક (Tripitakas) એ કયા ધર્મનું પવિત્ર પુસ્તક છે ?

(A) બુધ્ધીઝમ (Buddism) | (B) હિન્દુ ધર્મ (Hindus)

(C) જૈન ધર્મ (Jains) | (D) શીખ ધર્મ (Shikhs)

100. NTPC દ્વારા 25 મેગા વૉટનો "ફ્લોટીંગ સોલાર PV પ્રોજેક્ટ" (Floating Solar PV Project)" કયા રાજ્યમાં સ્થાપવામાં આવેલ છે ?

(A) આંધ્રપ્રદેશ | (B) તામીલનાડુ

(C) કેરળ | (D) કર્ણાટક

101. નીચેના પૈકી શું માંગમાં થતાં સરેરાશ ફેરફાર બરાબર હોય છે?

(A) માંગ રેખાનો ઢાળ × માંગની મૂલ્યસાપેક્ષતા
(B) માંગરેખાનો ઢાળ ÷ માંગની મૂલ્યસાપેક્ષતા
(C) માંગની મૂલ્યસાપેક્ષતા ÷ માંગરેખાનો ઢાળ
(D) માંગરેખાનો ઢાળ – માંગની મૂલ્યસાપેક્ષતા

102. કિમતમાં થતાં ફેરફારની અવેજી અસર હમેશા નકારાત્મક હોય છે તે નીચે પૈકી ક્યો ખ્યાલ સૂચવે છે?

(A) વળતર તફાવતનો સિદ્ધાંત
(B) વોનન્યુમન અને ઓસ્કાર મોર્જેન્સ્ટર્ન નો જોખમ અને અનિશ્ચિતતા હેઠળ ગ્રાહકની પસંદગીનો સિદ્ધાંત
(C) સ્લટસ્કીનો સિદ્ધાંત
(D) સેમ્યુલ્સનનો અભિગમ પસંદગીનો સિદ્ધાંત

103. નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. જ્યારે બજેટરેખા આપેલી તરસ્થ રેખાઓ પૈકી સૌથી ઉપરની તટસ્થ રેખાનો સ્પર્શ કરે છે તેને આંતરિક ઉકેલ કહેવાય.
2. જ્યારે બજેટરેખા આપેલી તરસ્થ રેખાઓ પૈકી સૌથી ઉપરની તરસ્થ રેખાને સ્પર્શે છે ત્યારે તેને ખૂણાનો ઉકેલ કહે છે.
3. બજેટરેખા પર આવેલ બિંદુઓ ગ્રાહક વાસ્તવમાં જેટલી વસ્તુઓ ખરીદી શકે છે તેના સંયોજનો દર્શાવે છે.
4. બજેટરેખા પર આવેલ બિંદુઓ ગ્રાહક જે ખરીદવા માંગે છે તેવા સંયોજનો દર્શાવે છે.

નીચેના પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

104. જ્યારે Q = 700 – 2P + 0.02 Y, P = 20 અને Y = 4000, ત્યારે માંગની મૂલ્યસાપેક્ષતા નું માપ શું થશે?
(જ્યાં Q = માંગ, P = કિમત અને Y = ગ્રાહકની આવક)

(A) -0.003
(B) -0.014
(C) -0.023
(D) -0.054

105. તટસ્થરેખા વિશ્લેષણ ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સત્ય છે?

1. ગ્રાહક પોતાની પસંદગીમાં તટસ્થ રહે છે.
2. આવક વધતાં નાણાનો સીમાંત તુષ્ટિગુણ ફેરફાર પામે છે.
3. તટસ્થ રેખાનો ઢાળ વસ્તુઓનો સીમાંત અવેજીનો દર દર્શાવે છે.
4. જેમ જેમ ગ્રાહક વધારે વસ્તુ પ્રાપ્ત કરે, તેમ તેમ તેનો સીમાંત તુષ્ટિગુણ ઘટતો જશે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 2 અને 4

106. તમામ સબંધિત કિમતોએ જો એક વસ્તુની કિમત ઉપભોગરેખા આડીધરીને સમાંતર હોય તો તેની માંગ રેખા...

(A) લંબચોરસ પરવલય
(B) ધન ઢાળવાળી રેખા
(C) આડીધરીને સમાંતર રેખા
(D) ઊભીધરીને સમાંતર રેખા

107. બહારથી ખરીદવામાં આવેલા કાચામાલની કિમત રૂ. 90 લાખ હોય, હંગામી શ્રમિકોને કરવામાં આવેલ ચૂકવણુ રૂ. 40 લાખ હોય, વીજળીનો ચાર્જ રૂ. 9 લાખ હોય, સરકારને ચૂકવવામાં આવેલ કરવેરા રૂ. 11 લાખ હોય, કુટુંબના સભ્યોના વેતનનું બજારમૂલ્ય રૂ. 46 લાખ હોય અને પોતાની રોકેલી મૂડીનું વ્યાજ બજારદર મુજબ રૂ. 4 લાખ હોય તો, ગર્ભિત ખર્ચ અને ચોખ્ખા ખર્ચની ટકાવારી કુલખર્ચમાં કેટલી રહેશે?

(A) અનુક્રમે 20% અને 80%
(B) અનુક્રમે 55% અને 45%
(C) અનુક્રમે 40% અને 60%
(D) અનુક્રમે 25% અને 75%

108. પ્રિજનર્સ કોયડો એ શેનું ઉદાહરણ છે?

(A) અસહકારની રમત | (B) સહકારની રમત

(C) મિશ્ર વ્યૂહરચના | (D) ચોક્કસતાનું મોડેલ

109. તટસ્થરેખા વિશ્લેષણના સંદર્ભમાં નીચેના પૈકી કયુ / કયા વિધાનો સત્ય છે?

1. સામી-સામી મૂલ્ય સાપેક્ષતા હકારાત્મક હોય તે સૂચવે છે કે x અને y વસ્તુઓ અવેજી છે.

2. સામી-સામી મૂલ્ય સાપેક્ષતા નકારાત્મક હોય તે સૂચવે છે કે x અને y વસ્તુઓ પૂરક છે.

3. સામી-સામી મૂલ્ય સાપેક્ષતા હકારાત્મક હોય તે સૂચવે છે કે x અને y વસ્તુઓ પૂરક છે.

4. સામી-સામી મૂલ્ય સાપેક્ષતા નકારાત્મક હોય તે સૂચવે છે કે x અને y વસ્તુ અવેજી છે.

નીચેના પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 | (B) માત્ર 1

(C) માત્ર 2 | (D) માત્ર 3 અને 4

110. પાયાની કિમત નિર્ધારણ નીતિ હેઠળ નૂર ખર્ચ ઉપરાંતનો પેઢીઓ દ્વારા કમાયેલો વધારાનો નફો શું કહેવાય છે?

(A) પિટસબર્ગનો વત્તાનુર | (B) ક્રોસ નૂર

(C) હોટેલિંગ ખર્ચ | (D) આભાસી નૂર

111. નીચેના પૈકી કઈ તટસ્થ રેખાઓ ઉત્પાદનના સાધનો વચ્ચે મજબૂત પૂરકતા અથવા શૂન્ય અવેજી દર્શાવે છે?

(A) સુરેખ તરસ્થ રેખા | (B) નિક્ષેપ ઉત્પાદન તટસ્થ રેખા

(C) ખાચાવાળી તટસ્થ રેખા | (D) હળવી અંતર્ગોળ તટસ્થ રેખા

112. નીચેના પૈકી ક્યાં વિધાનો અસત્ય છે?

1. જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ સરેરાશ સ્થિર ખર્ચ સ્થિર દરે વધતો જાય છે.

2. જેમ જેમ ઉત્પાદન નું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ સ્થિર ઉત્પાદને સરેરાશ અસ્થિર ખર્ચ સતત ઘટતો રહે છે.

3. જેમ જેમ ઉત્પાદન નું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ ઘટતા જતાં ઉત્પાદને સરેરાશ સ્થિરખર્ચ સતત ઘટતો જાય છે.

4. જેમ જેમ ઉત્પાદનનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ સરેરાશ અસ્થિર ખર્ચ સતત વધતાં દરે વધતો જાય છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4 | (B) માત્ર 2 અને 3

(C) માત્ર 2, 3 અને 4 | (D) માત્ર 1, 3 અને 4

113. નીચેના પૈકી ક્યાં વિધાનો સત્ય છે?

1. નજીકની અવેજી ધરાવતી વસ્તુઓની માંગ વધારે સાપેક્ષતા ધરાવતી હોય છે.

2. સામાન્ય રીતે મોજશોખની વસ્તુંઓ વધારે મૂલ્યસાપેક્ષ હોય છે જ્યારે જીવન જરૂરિયાતની વસ્તુઓ મૂલ્ય અનપેક્ષ હોય છે.

3. લાંબાગાળે માંગ વધારે મૂલ્ય અનપેક્ષ બને છે.

4. એક થી વધારે ઉપયોગિતા ધરાવતી વસ્તુની મૂલ્ય સાપેક્ષતા વધારે હોય છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 | (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2, 3 અને 4 | (D) માત્ર 1, 2 અને 4

114. નીચેના વિધાનો વાંચો.

1. સરેરાશ અસ્થિર ખર્ચ એ કુલ સરેરાશ ખર્ચનો ભાગ છે.

2. સરેરાશ અસ્થિર ખર્ચ અને સરેરાશ સ્થિર ખર્ચ બંનેનો આકાર - U - જેવો હોય છે.

3. સરેરાશ કુલ ખર્ચનું નિમ્નતમ બિંદુ સરેરાશ સ્થિર ખર્ચના નિમ્નતમબિંદુની જમણી તરફ ઉદભવે છે.

4. સરેરાશ કુલખર્ચનું નિમ્નતમ બિંદુ સરેરાશ સ્થિરખર્ચના નિમ્નતમ બિંદુની ડાબી તરફ ઉદભવે છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 2 અને 4

115. ઉત્પાદન પ્રક્રિયાને વિક્ષિપ્ત કર્યા વગર નીચે પૈકી શું એક ઉત્પાદકને તૂટેલી મશીનરીના રિપેરિંગ માટેની ઉતમ સ્થિતિ સ્થાપકતા આપે છે?

(A) અનામત ક્ષમતા
(B) વધારાની ક્ષમતા
(C) આંતરિક કદના લાભ
(D) બાહ્ય કદના લાભ

116. નાણાકીય કદના લાભો શાથી ઉદભવે છે?

(A) નિક્ષેપોને નીચી કિમત ચુકવણી

(B) તૈયાર વસ્તુઓને ઊંચી કિમતે વેચવી

(C) તૈયાર વસ્તુઓને નહીં નફા, નહીં નુકસાન પ્રમાણે વેચવી.

(D) નીચી ગુણવતાની વસ્તુઓ ઉત્પાદિત કરવી.

117. ઉત્પાદન પ્રક્રિયામાં એક્સ-બિનકાર્યક્ષમતા નો સિદ્ધાંત પ્રથમવાર કોણે આપ્યો?

(A) લેબેન્સ્ટાઈન
(B) શુમ્પીટર
(C) કોબ-ડગ્લાસ
(D) સેમ્યુલ્સન

118. એક ઉત્પાદક દ્વારા ઉત્પાદિત વસ્તુની અંદાજિત માંગ P = 30-Q / 200 છે. તો P=10 માં બિંદુ સાપેક્ષતા કેટલી હશે?

(A) -0.15
(B) -1.7
(C) -0.5
(D) -1.4

119. નીચેના પૈકી નેશ સમતુલાનું ઉદાહરણ ક્યુ છે?

(A) ઈજારામાં સ્થિર સમતુલા
(B) પૂર્ણ હરીફાઈમાં ટૂંકાગાળાની સમતુલા
(C) અલ્પ હસ્તક ઈજારામાં કાર્ટેલ હેઠળ સમતુલા
(D) કુર્નોટના દ્વિહસ્તક ઈજારામાં સ્થિર સમતુલા

120. સમ-નફા રેખા એ નીચેના પૈકી શેનો પ્રકાર છે?

(A) રીડ લાઈન
(B) તટસ્થ રેખા
(C) વિસ્તરણ પથ
(D) પ્રતિક્રિયા રેખા

121. નીચેના પૈકી કયુ વિધાન સત્ય છે?

(A) જ્યારે બંને બજારમાં માંગની મૂલ્યસાપેક્ષતા જુદી જુદી હોય ત્યારે કિમત ભેદભાવ શક્ય નથી.

(B) જ્યારે બંને બજારોમાં માંગની મૂલ્ય સાપેક્ષતા સમાન રહે છે ત્યારે કિમત ભેદભાવ શક્ય છે.

(C) જે બજારમાં માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ હોય તેમાં કિમત ઊંચી રહેશે.

(D) જે બજારમાં માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ હોય તેમાં કિમત નીચી રહેશે.

122. પૂર્ણ હરીફાઈ હેઠળની પેઢી ટૂંકાગાળે શું પ્રાપ્ત કરે છે?

(A) ટૂંકાગાળાનો સરેરાશ કુલ ખર્ચ

(B) ટૂંકાગાળાનો સરેરાશ કુલ ખર્ચ અને વધારાનો બજાર નફો

(C) માત્ર ટૂંકાગાળાનો સરેરાશ અસ્થિર ખર્ચ

(D) ટૂંકાગાળાનો સરેરાશ અસ્થિર ખર્ચ અને વધારાનો બજાર નફો.

123. લક્ષ્ય કિમત રૂ. 60 નિર્ધારિત કરવામાં આવી છે, પરંતુ સ્પર્ધાત્મક કિમત રૂ. 50 છે આવા સમયે બેન્સની પ્રવેશ શરત શું રહેશે?

(A) 40% (B) 10%

(C) 110% (D) 20%

124. ચેમ્બરલીનના મતે ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પાદન અને ઊંચી કિમત પર પ્રતિબંધનું શું કારણ હોય છે?

(A) પ્રવેશ પ્રતિબંધ અને કિમત હરીફાઈ (B) મુક્ત પ્રવેશનો અભાવ અને બિનકિમત હરીફાઈ

(C) મુક્ત પ્રવેશ અને બિનકિમત હરીફાઈ (D) સમાનગુણી વસ્તુઓ અને બિનકિમત હરીફાઈ

125. ક્યાં સંજોગોમાં કિમત ભેદભાવ લાગુ કરનાર ઈજારાદાર માટે માંગરેખા એ સીમાંત આવક રેખા પણ બનશે?

(A) પ્રથમ કક્ષાનો કિમત ભેદભાવ (B) દ્વિતીય કક્ષાનો કિમત ભેદભાવ

(C) પ્રથમ અને દ્વિતીય બંને કક્ષાનો કિમત ભેદભાવ (D) તૃતીય કક્ષાનો કિમત ભેદભાવ

126. નીચેના પૈકી ક્યાં વિધાનો સત્ય છે?

1. પૂર્ણ હરિફાઈની તુલનામાં કિમત અને ઉત્પાદન ઈજારાયુક્ત હરીફાઈમાં વધારે હશે.

2. ઈજારાયુક્ત હરીફાઈમાં વેચાણખર્ચ હશે.

3. ઈજારાયુક્ત હરીફાઈમાં ઉધોગોમાં ઘણી પેઢીઓ હોય છે દરેક ઈષ્ટ કરતાં ઓછું ઉત્પાદન કરે છે અને ન્યૂનતમ કરતાં વધુ ખર્ચ કરે છે.

4. ઈજારાયુક્ત હરીફાઈમાં ઉધોગોમાં ઘણી પેઢીઓ હોય છે દરેક ઈષ્ટ કરતાં ઓછું ઉત્પાદન કરે છે અને ન્યૂનતમ કરતાં ઓછું ખર્ચ કરે છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1,2 અને 3

(C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 4

127. કુર્નોટના દ્વિહસ્તક ઈજારાના મોડેલ પ્રમાણે દરેક પેઢી કેટલો પુરવઠો પૂરો પાડે છે?

(A) ઈજારા કિમત કરતાં ઓછી કિમતે બજારનો 1/3 ભાગ

(B) ઈજારા કિમત કરતાં વધારે કિમતે બજારનો 1/3 ભાગ

(C) ઈજારા કિમત કરતાં ઓછી કિમતે બજારનો 1/2 ભાગ

(D) ઈજારા કિમત કરતાં વધારે કિમતે બજારનો 1/2 ભાગ

128. નીચે પૈકી ક્યૂ બિંદુ મહતમ સામાજિક કલ્યાણ ને દર્શાવે છે?

(A) કાઠીબિંદુ (સેડલ પોઈન્ટ) (B) ચોખ્ખું કલ્યાણ બિંદુ

(C) દ્વિતીય શ્રેષ્ઠ બિંદુ (D) આનંદ બિંદુ

129. જ્હોન રોબિન્સના મતે ઈજારામાં શ્રમિકોનું શોષણ શેના કારણે થાય છે?

(A) જ્યારે શ્રમિકની સીમાંત આવક ઉત્પાદકતા બરાબર શ્રમિકની સીમાંત ઉત્પાદકતાનું મૂલ્ય થાય.

(B) જ્યારે શ્રમિકની સીમાંત આવક ઉત્પાદકતા શ્રમિકની સીમાંત ઉત્પાદકતાના મૂલ્ય કરતા વધારે હોય.

(C) જ્યારે શ્રમિકની સીમાંત આવક ઉત્પાદકતા શ્રમિકની સીમાંત ઉત્પાદકતાના મૂલ્ય કરતાં ઓછી હોય.

(D) જ્યારે શ્રમિકની સીમાંત આવક ઉત્પાદકતા શ્રમિકની સીમાંત ભૌતિક ઉત્પાદકતા કરતાં ઓછી હોય.

130. નીચેના પૈકી ક્યૂ વિધાન બિન સંતોષ ની એક ધારણા તરીકે વર્ણવી શકાય?

(A) ગ્રાહકની પસંદગી નિષ્ક્રિય છે

(B) ગ્રાહક હમેશા ઓછી વસ્તુને વધારે પસંદ કરે છે

(C) ગ્રાહક હમેશા વધારે વસ્તુને ઓછી પસંદ કરે છે

(D) ગ્રાહક પોતાની પસંદગીનો માપદંડ ધરાવે છે

131. સામાન્ય સમતુલા વિશ્લેષણ મુજબ જો માંગ વિધેય પુરવઠા વિધેયને કાપે તો, નીચે પૈકી શું દર્શાવે છે?

(A) અનન્ય સ્થિર સમતુલા

(B) અનન્ય અસ્થિર સમતુલા

(C) બહુવિધ સમતુલા

(D) સમતુલાનો અભાવ

132. જ્યારે સારામાં સારી વસ્તુ મોટા પ્રમાણમા ઉપલબ્ધ કરાવવામાં આવે ત્યારે કલ્યાણમાં વધારો થાય છે તેવી દલીલ કોણે આપી હતી?

(A) વિલ્ફ્રેડો પેરેટો

(B) કાલ્ડોર હિક્સ

(C) જર્મી બેન્થમ

(D) બર્ગસન

133. વોલરાસની સામાન્ય સમતુલાના સંદર્ભમાં નીચેના પૈકી ક્યાં વિધાનો સત્ય છે?

1. દરેક બજારમાં માત્ર માંગ અને પુરવઠા વિધેય હોય છે.

2. દરેક વસ્તુઓ અને સાધનોની કિમત અને પ્રમાણ અજ્ઞાત છે.

3. દરેક બજારમાં માંગ અને પુરવઠા વિધેયો બજાર શુદ્ધિકરણ ના સૂત્રો સાથે ઉપલબ્ધ હોય છે.

4. માત્ર દરેક વસ્તુઓની કિમત અને પ્રમાણ અજ્ઞાત છે.

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3

(B) માત્ર 2,3 અને 4

(C) માત્ર 1 અને 4

(D) માત્ર 1 અને 3

134. સરેરાશ આવક, સીમાંત આવક, અને માંગની મૂલ્ય સાપેક્ષતાના સંદર્ભમાં જો માંગની મૂલ્યસાપેક્ષતા 1/3 હોય તો, સીમાંત આવક કેટલી હશે?

(A) -2/3 સરેરાશ આવક

(B) સરેરાશ આવક / 2

(C) – સરેરાશ આવક

(D) -2 સરેરાશ આવક

135. ઉધોગમાં વિશિષ્ટ નિક્ષેપ ધરાવતી પેઢી અને માલિકને પ્રાપ્ત થતું ભાડું અને નફો શું સૂચવે છે?

(A) આર્થિક અધિશેષ

(B) ગ્રાહકનો અધિકસંતોષ

(C) ઉત્પાદકનો અધિક સંતોષ

(D) અધિશેષ મૂલ્ય

136. નીચેના પૈકી શું સાચું નથી?

(A) કુલ રાષ્ટ્રીય પેદાશમાં માત્ર ચાલુ વર્ષે ઉત્પાદિત થયેલ વસ્તુઓ અને સેવાઓનો સમાવેશ થાય છે.

(B) બોન્ડ અને શેર જેવી અસ્ક્યામતોનો સમાવેશ જે તે વર્ષની કુલ રાષ્ટ્રીય પેદાશમાં થાય છે.

(C) કુલ રાષ્ટ્રીય પેદાશ એ એક વર્ષ દરમિયાન વસ્તુઓ અને સેવાઓ ના કુલ ઉત્પાદનનું માપ છે.

(D) ચાલુ વર્ષની કુલ રાષ્ટ્રીય પેદાશમાં ગત વર્ષની વસ્તુઓના બજાર સોદાઓનો સમાવેશ કરવામાં આવતો નથી.

137. નીચેના પૈકી શું સાચું છે?

(A) સાધન ખર્ચે રાષ્ટ્રીય આવક = બજાર કિમતે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ – પરોક્ષ કરવેરા + સબસિડી

(B) બજાર કિમતે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ = કુલ રાષ્ટ્રીય પેદાશ – ઘસારો

(C) સાધન ખર્ચે રાષ્ટ્રીય આવક = બજાર કિમતે ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ + પરોક્ષ કરવેરા – સબસિડી

(D) બજાર કિમતે કુલ ઘરેલુ પેદાશ = બજાર કિમતે કુલ રાષ્ટ્રીય પેદાશ + વિદેશોમાંથી થતી સાધનોની આવક

138. નીચેના પૈકી કઈ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સ્વવપરાશ માટેનું ઉત્પાદન અને પોતાની માલિકીના મકાનના ભાડાનું મૂલ્ય સમાવિષ્ટ કરવામાં આવે છે?

(A) ઉત્પાદન પદ્ધતિ (B) આવક પદ્ધતિ

(C) ખર્ચ પદ્ધતિ (D) ઉત્પાદન અને આવક પદ્ધતિ બંને

139. ધારોકે, 2014 થી 2015 દરમિયાન એક દેશની કુલ ઘરેલુ પેદાશ રૂ. 1000 કરોડથી વધીને રૂ. 1200 કરોડ થાય છે પરંતુ સામાન્ય ભાવ સપાટી એ જ સમયગાળામાં 10% જેટલી વધે છે તો 2015માં વાસ્તવિક જી.ડી.પી. લગભગ કેટલી રહેશે?

(A) રૂ. 1020 કરોડ (B) રૂ. 1051 કરોડ

(C) રૂ. 1091 કરોડ (D) રૂ. 1095 કરોડ

140. ઉત્પાદન અને રોજગારીના પ્રશિષ્ટ સિદ્ધાંત મુજબ નીચે પૈકી કયુ વિધાન અસત્ય છે?

1. શ્રમના પુરવઠામાં થતો વધારો નાણાકીય વેતનના વધારા તથા સામાન્ય ભાવસપાટીના ઘટાડા તરફ દોરી જાય છે.

2. શ્રમિકોની માંગમાં થતો વધારો સામાન્ય ભાવસપાટીના વધારા કરતાં નાણાકીય વેતનમાં વધારે પ્રમાણ માં વધારો કરે છે.

3. શ્રમના પુરવઠામાં થતો વધારો નાણાકીય વેતનમાં ઘટાડા અને સામાન્ય ભાવસપાટીમાં વધારા તરફ દોરી જાય છે.

4. શ્રમિકોની માંગમાં થતો વધારો નાણાકીય વેતનમાં વધારા અને સામાન્ય ભાવસપાટીમાં ઘટાડા તરફ દોરી જાય છે.

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 4

141. કેઈન્સના આવક અને રોજગારીના સિદ્ધાંત મુજબ આપેલી કિમતે અને એક ચોક્કસ રોજગારીના પ્રમાણે ઉત્પાદક પોતાના ઉત્પાદનના વેચાણથી જે આવક મેળવવાની અપેક્ષા રાખે છે તેને શું કહેવાય?

(A) અસરકારક માંગ (B) અસરકારક પુરવઠો

(C) કુલ માંગ કિમત (D) કુલ પુરવઠા કિમત

142. આપેલ ઉત્પાદન વિધેયમાં C = 100 + 0.75Y અને મૂડીરોકાણ I = રૂ.200 કરોડ, તો ઉત્પાદન નું સમતુલા મૂલ્ય કેટલું હોય?

(A) રૂ. 900 કરોડ (B) રૂ. 1000 કરોડ

(C) રૂ. 1200 કરોડ (D) રૂ. 1400 કરોડ

143. મિલ્ટન ફ્રીડમેનના લાબાગાળાના વપરાશ વિધેય પ્રમાણે જો અસ્થાયી આવક નકારાત્મક હોય તો...

(A) વાસ્તવિક આવક કાયમી આવક કરતાં ઓછી હશે (B) કાયમી આવક વાસ્તવિક ઉપભોગ કરતાં ઓછી હશે

(C) કાયમી આવક કાયમી ઉપભોગ કરતાં ઓછી રહેશે (D) વાસ્તવિક આવક કાયમી આવક કરતાં વધારે રહેશે

144. "દરેક વ્યક્તિનું વપરાશનું વર્તન સ્વતંત્ર નથી પરંતુ એક બીજાના વપરાશ વર્તન પર આધારિત હોય છે." આ કોના સિદ્ધાંતનો મુખ્યવિષય છે?

(A) એન્ડો અને મોડીગ્લીઆની જીવનચક્રની પરિકલ્પના (B) મિલ્ટન ફ્રીડમેનની કાયમી આવકની પરિકલ્પના

(C) જેમ્સ ટોબિનની નિરપેક્ષ આવકની પરિકલ્પના (D) ડ્યુઝેનબરીની સાપેક્ષ આવકની પરિકલ્પના

145. કેઈન્સના મૂડીરોકાણગુણકના સંદર્ભમાં નીચે પૈકી શું સાચું નથી?

(A) તે આવકમાં વધારા સાથે મૂડીરોકાણના વધારા સાથે સબંધિત છે.

(B) સીમાંત વપરાશવૃતિ જેટલી ઊંચી હશે તેટલું ઊંચું મૂડીરોકાણગુણકનું મૂલ્ય રહેશે.

(C) મૂડીરોકાણગુણક સીમાંત બચતવૃતિ સાથે પ્રત્યક્ષ અને સીમાંત વપરાશવૃતિ સાથે પરોક્ષ રીતે બદલાય છે.

(D) મૂડીરોકાણગુણક સીમાંત વપરાશવૃતિ સાથે પ્રત્યક્ષ અને સીમાંત બચતવૃતિ સાથે પરોક્ષ રીતે બદલાય છે.

146. ધારોકે, સીમાંત વપરાશવૃતિ 0.5 છે, અને સીમાંત રોકાણવૃતિ 0.4 છે તેમજ સ્વાયત મૂડીરોકાણ રૂ. 500 કરોડ જેટલું વધે છે તો ગુણક અને ગતિવર્ધનની સંયુક્ત અસરના કારણે કુલ આવકમાં કેટલો વધારો થશે?

(A) રૂ. 1000 કરોડ
(B) રૂ. 5000 કરોડ
(C) રૂ. 6000 કરોડ
(D) રૂ. 6500 કરોડ

147. ફિશરના સોદાના અભિગમ મુજબ નાણાની માંગ નીચે પૈકી શેના પર આધાર રાખે છે?

1. સોદાઓના પ્રમાણ
2. સોદાઓની સરેરાશ કિમત
3. લોકો જે સાધારણ આવક હાથ પર રોકડ તરીકે રાખવા માંગે છે તેનું પ્રમાણ
4. નાણાનાં પરીભ્રમણના ચલણ વેગના સોદાઓનું પ્રમાણ

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 2 અને 4

148. નીચેના પૈકી ક્યૂ વિધાન સાચું નથી?

(A) મૂડીની સીમાંત કાર્યક્ષમતા એ મૂડી અસ્ક્યામત માથી અપેક્ષિત નફાની ટકાવારી હોય છે.
(B) વ્યાજનો દર જેટલો નોચો હશે તેટલુંજ ઊંચું મૂડી અસ્ક્યામતનું મૂલ્ય હશે.
(C) વ્યાજનો દર જેટલો ઊંચો હશે, તેટલુજ ઊંચું મૂડી અસ્ક્યામતનું મૂલ્ય હશે.
(D) અસ્ક્યામતનું વર્તમાન મૂલ્ય ભવિષ્યમાં પ્રાપ્ત થનાર ચૂકવણાંના વર્તમાન મૂલ્ય જેટલું હશે.

149. આપેલા વપરાશ વિધેયમાં C=10 + 0.6Y છે, જો દેશમાં રૂ. 200 કરોડનું મૂડીરોકાણ વધે તો આવકમાં કેટલો વધારો થશે? (જ્યાં C = ઉપભોગ / વપરાશ અને Y = આવક)

(A) રૂ. 250 કરોડ
(B) રૂ. 350 કરોડ
(C) રૂ. 400 કરોડ
(D) રૂ. 500 કરોડ

150. તરલતા પસંદગી રેખાનો સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ હિસ્સો શું દર્શાવે છે?

(A) લોકોની નિરપેક્ષ તરલતા પસંદગીની સ્થિતિ
(B) લોકોના નાણાંવિભ્રમની સ્થિતિ
(C) આ તબક્કે નાણાકીય નીતિ વધારે અસરકારક બને છે
(D) આ તબક્કે રાજકોષીય નીતિ વધારે અસરકારક બને છે.

151. "વ્યક્તિ ભવિષ્યમાં મળનાર વ્યાજના દર વિષે અનિશ્ચિત હોય છે તેથી તે અસ્ક્યામત પર આપેલો વ્યાજનો દર પસંદ કરે છે અને ઓછું જોખમ ઉઠાવે છે." આ વિચાર નીચેના પૈકી શેનો મુખ્ય વિષય છે?

(A) નાણાની માંગનો ટોબિન પોર્ટફોલીઓ અભિગમ
(B) નાણાની માંગનો બોમલનો સંશોધનાત્મક અભિગમ
(C) નાણાની માંગનો ફ્રીડમેન નો સિદ્ધાંત
(D) નાણાની માંગનો ફિશરનો સિદ્ધાંત

152. "ટૂંકાગાળામાં કુલ રાષ્ટ્રીય પેદાશ અને લાંબાગાળામાં ભાવસપાટી નિર્ધારિત કરવામાં નાણાનો પુરવઠો નિયંત્રક ભૂમિકા ભજવે છે. " આ વિધાન નીચેના પૈકી કોનો સાર છે?

(A) પ્રશિષ્ટ અભિગમ
(B) નવ-પ્રશિષ્ટ અભિગમ
(C) પશ્ચાદ કેઈન્સ અભિગમ
(D) આધુનિક નાણાંવાદી અભિગમ

153. કેઈન્સીયન વિચારધારમાં LM રેખા...

(A) સંપૂર્ણ વ્યાજ અનપેક્ષ હોય છે.
(B) પ્રવર્તમાન વ્યાજ દરે સંપૂર્ણ સાપેક્ષ હોય છે.
(C) વધુ વ્યાજ સાપેક્ષ હોય છે.
(D) ઓછી વ્યાજ સાપેક્ષ હોય છે.

154. “ એક હદ સુધી કરવેરા વધારવામાં આવે તો, આવકમાં વધારો થાય છે પરંતુ એક લિમિટ કરતાં વધે તો કરવેરાની આવકમાં ઘટાડો થાય છે, જો કરવેરા 100 ટકા કરવામાં આવે તો કરવેરાની આવક શૂન્ય થઈ જાય છે.” આ વિધાન આપનાર નીચેના પૈકી કોણ હતા?

(A) એડમ સ્મિથ

(B) એન. કાલ્ડોર

(C) આર્થર બી. લાફર

(D) ચાર્લ્સ બેસ્ટેબલ

155. મીલ્ટન ફ્રીડમેનના નાણાંના માંગના સિદ્ધાંત મુજબ...

1. ભાવસપાટી ઊંચી જતાં, નાણાની માંગ ઘટશે.

2. ભાવસપાટી ઊંચી જતાં, નાણાની માંગ વધશે

3. જો લોકો ફુગાવાનો ઊંચો દર અપેક્ષિત કરતાં હોય તો તેઓ નાણાની માંગ ઘટાડશે.

4. જો લોકો ફુગાવાનો ઊંચો દર અપેક્ષિત કરતા હોય તો તેઓ નાણાની માંગ વધારશે.

નીચેના પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 3

(B) માત્ર 1 અને 4

(C) માત્ર 2 અને 3

(D) માત્ર 2 અને 4

156. આપેલા IS સૂત્રમાં, Y = 1100 – 25i અને LM સૂત્ર Y = 500 + 50i તો સમતુલાનો વ્યાજ દર અને આવક કેટલી હશે?

(A) અનુક્રમે 8 ટકા અને 800

(B) અનુક્રમે 8 ટકા અને 900

(C) અનુક્રમે 6 ટકા અને 800

(D) અનુક્રમે 6 ટકા અને 1000

157. નીચે પૈકી શું સાચું નથી?

(A) LM રેખા વ્યાજના દર અને આવકના સ્તરનું એ સંયોજન દર્શાવે છે જ્યાં, સાધન બજાર સમતુલા સાધે છે.

(B) LM રેખાનો ઢાળ જમણી તરફ ઉપરની બાજુએ હોય છે.

(C) જો નાણાની માંગ માટેની વ્યાજ સાપેક્ષતા ઊંચી હશે તો, LM રેખા સપાટ રહેશે.

(D) જ્યારે નાણાનો પુરવઠો વધશે ત્યારે LM રેખા જમણી તરફ ખસશે.

158. નીચેના પૈકી કોણે એવું કહ્યું છે કે, દેશના આર્થિક પ્રશ્નો ઉકેલવા માટે નાણાકીય અને રાજકોષીય બંને નીતિઓ બિનઅસરકારક છે કારણકે, લોકો-ગ્રાહકો અને ઉત્પાદકો સરળતાથી સરકારની અંદાજિત નીતિઓનો વિરોધ કરે છે?

(A) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ

(B) નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ

(C) પશ્ચાત કેઈન્સીયન અર્થશાસ્ત્રીઓ

(D) નાણાવાદીઓ

159. નીચેના પૈકી ક્યાં વિધાનો સાચા છે?

1. કેઈન્સની LM રેખાના વિસ્તારમાં રાજકોષીય નીતિ પૂર્ણ પણે કાર્યક્ષમ છે.

2. કેઈન્સના વિચારોમાં LM રેખાના વિસ્તારમાં નાણાકીય નીતિ પૂર્ણ પણે કાર્યક્ષમ છે

3. પ્રશિષ્ટ વિચારોમાં LM રેખાના વિસ્તારમાં રાજકોષીય નીતિ સંપૂર્ણ પણે બિનકાર્યક્ષમ છે.

4. પ્રશિષ્ટ વિચારોમાં LM રેખામાં નાણાકીય નીતિ પૂર્ણપણે કાર્યક્ષમ હોય છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3

(B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 2 અને 4

(D) માત્ર 2, 3 અને 4

160. જે રાજકોષીય નીતિ મંદીના સમયમાં વધારાની ખરીદશક્તિ ઊભી કરે અને વિસ્તરણના સમયમાં તેનાથી ઊલટું કરે તેને કેવી રાજકોષીય નીતિ કહેવાય?

(A) વિવેકાધીન રાજકોષીય નીતિ
(B) ચક્રીય રાજકોષીય નીતિ
(C) પ્રતિ ચક્રીય રાજકોષીયનીતિ
(D) ખાધ અંદાજપત્રિય નીતિ

161. ભારતીય અર્થતંત્રમાં જી.એન.પી. સંકોચક 1993-94 અને 1994-95 માં અનુક્રમે 307.8 અને 337.4 હતો, તો આ સમયગાળા દરમિયાન ફુગાવાનો દર કેટલો હશે?

(A) 14.7%
(B) 9.6%
(C) 8.4%
(D) 9.2%

162. અર્થશાસ્ત્ર વિષયના સંદર્ભે નીચે પૈકી પુસ્તક અને લેખકના કયા જોડકા યોગ્ય છે?

| પુસ્તક | | લેખક |
|---|---|---|
| 1. ધ એફ્લૂએન્ટ સોસાયટી | : | જે. કે. ગાલબ્રેથ |
| 2. કેપિટાલીઝમ એન્ડ ફ્રીડમ | : | અમર્ત્ય સેન |
| 3. અ શોર્ટ હિસ્ટ્રી ઓફ પોવર્ટી મેઝરમેંટ્સ | : | અભિજિત બેનર્જી |
| 4. અ ટ્રેઝર ઓફ મની | : | મિલ્ટન ફ્રીડમેન |

નીચેના પૈકી યોગ્ય જવાબ પસંદ કરો

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2 અને 4
(D) માત્ર 1, 2 અને 4

163. નીચેના પૈકી શું સાચું નથી?

(A) ફિલિપ્સ વક્ર મુજબ નાણાકીય વેતનના વધારાના દર અને બેકારીના દર વચ્ચે વ્યસ્ત સબંધ રહેલો છે.
(B) ફિલિપ્સ વક્ર મુજબ ફુગાવામાં વધારો થતાં બેરોગારી ઘટે છે.
(C) ફ્રીડમેનના મતે ફુગાવાનો દર ગમે તે હોય, લાંબાગાળે બેકારીનો કુદરતી દર અસ્તિત્વમાં આવે છે.
(D) ફ્રીડમેનના મતે ફિલિપ્સવક્ર માત્ર લાંબાગાળે હોય છે.

164. વ્યાપારચક્રના તબક્કાઓમા અર્થતંત્ર માં સૌથી ગંભીર તાણનો તબક્કો શેનો હોય છે?

(A) ટોચ
(B) મંદી
(C) ઓટ
(D) સુધારણા

165. હેરડ-ડોમરના વૃદ્ધિના મોડેલ સાથે ગુણક અને ગતિવર્ધનનું સંયોજન કરીને વ્યાપાર ચક્રનો સિદ્ધાંત કોણે આપ્યો છે?

(A) હિક્સ
(B) પૉલ સેમ્યુલસન
(C) હોટ્રે
(D) હાયેક

166. એક વસ્તુના ઉત્પાદનમાં આકડા લઈ  અને તેની કિમતને 50 રાજ્યોમાં એક વર્ષ માટે અમલી બનાવવામાં આવે તો તે આકડાને શું કહે છે?

(A) માઈક્રો પેનલ ડેટા
(B) ક્રોસ સેક્શન ડેટા
(C) સમય શ્રેણી ડેટા
(D) પૂલ ડેટા

167. બિન પ્રાચલ કસોટીના સંદર્ભમાં નીચે પૈકી શું સાચું છે?

(A) આ કસોટી વસ્તીકીય પ્રાચલ પર આધારિત નથી.
(B) આ કસોટી વિતરણથી મુક્ત નથી.
(C) કાઈ-વર્ગ પ્રાચલ ટેકનિક છે.
(D) સાઈન ટેસ્ટ એક પ્રાચલ ટેકનિક છે.

168. નીચે પૈકી કઇ પ્રશિષ્ટ સુરેખ નિયતસબંધ મોડેલની ધારણા નથી?

(A) નિયતસબંધ મોડેલ ના પ્રાચલો સુરેખ હોય છે.

(B) ત્રુટિ પદ અને સંશોધક ચલ વચ્ચે સહસબંધ રહેલો છે.

(C) ત્રુટિ પદ નો મધ્યક શૂન્ય હોય છે.

(D) ત્રુટિ પદો વચ્ચે સ્વાયત સહસબંધ નથી હોતો.

169. આપેલા અનવાયોજિત સમીકરણમાં Y = -12 + 0.75 X, તો x = 56 અને y = 100 ના બિંદુએ શેષ કેટલો હશે?

(A) 70

(B) 54

(C) -54

(D) 0 (શૂન્ય)

170. વિજાતિયતા લાગુ પડે છે...

(A) ત્રુટિપદમાં મધ્યક શૂન્ય હોય છે.

(B) ત્રુટિપદમાં અસમાન ચલ હોય છે.

(C) સંશોધક ચલ અને ત્રુટિપદ વચ્ચે શૂન્ય સહવિચરણ હોય છે.

(D) ત્રુટિપદમાં સ્વાયત સહસબંધ જોવા મળતો નથી.

171. નીચે પૈકી ક્યાં વિધાનો સાચા છે?

1. જો નલ પરિકલ્પના($H_0$) નો β2 (ઢાળ) વિશ્વાસ નિયંત્રણ બહાર હોય તો નલ પરિકલ્પનાને નકારવી જોઈએ.

2. જ્યારે આપણે નલ પરિકલ્પના નકારી દઈએ ત્યારે એમ કહી શકીએ કે આપણું સંશોધન આકડાકીય રીતે ઉપયુક્ત છે.

3. જ્યારે આપણે નલ પરિકલ્પના નકારતા નથી ત્યારે એમ કહી શકીએ કે આપણું સંશોધન આકડાકીય રીતે ઉપયુક્ત નથી.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3

(D) 1,2 અને 3

172. નીચેના પૈકી ક્યાં વિધાનો અસત્ય છે?

1. ટી-વિતરણ સપ્રમાણ હોય છે અને શૂન્ય મધ્યક ધરાવે છે.

2. ટી-વિતરણ અપ્રમાણસર હોય છે અને શૂન્ય કરતાં વધારે મધ્યક ધરાવે છે.

3. કાઇ-વર્ગ નું પ્રમાણ સિદ્ધાંત અને અવલોકન વચ્ચેની સમાનતાની તીવ્રતા દર્શાવે છે.

4. એફ-ટેસ્ટના સંદર્ભમાં જો એફ નું ગણેલું મૂલ્ય તેના ટેબલ મૂલ્ય કરતાં વધારે હોય તો એફ-ગુણોતર ઉપયુક્ત ગણાય.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4

(B) માત્ર 3 અને 4

(C) માત્ર 2 અને 3

(D) માત્ર 2, 3 અને 4

173. એક એકમને સમષ્ટિ માથી યાદચ્છિક રીતે પસંદ કરવાની અને બીજા એકમોને સ્પષ્ટ આંતરાલો માથી પસંદ કરવાની પદ્ધતિને શું કહે છે?

(A) બહુવિધ નિર્દેશ

(B) સ્તરીય નિર્દેશ

(C) પદ્ધતિસર નિર્દેશ

(D) જથ્થાત્મક નિર્દેશ

174. 30 ટિકિટ ધરાવતી એક બેગ માથી યાદચ્છિક રીતે એક ટિકિટ કાઢવામાં આવે તો તે 5 અથવા 7 ના ગુણાંકમા નીકળવાની સંભાવના કેટલી રહેશે?

(A) 1/3

(B) 2/3

(C) 4/3

(D) 5/3

175. કંપની-એ ના નફાના ગુણાંકની વિવિધતા 5.65 અને કંપની-બી ની 6.83 બરાબર હોય તો નીચેના પૈકી ક્યૂ વિધાન સત્ય છે?

(A) નફા બાબતમાં કંપની-એ, કંપની-બી ની તુલનામાં વધારે સુસંગત છે.

(B) કંપની-એ માં કંપની-બી ની તુલનામાં નફામાં વધારે પરીવર્તનશીલતા છે.

(C) નફા બાબતમાં કંપની-બી, કંપની-એ ની તુલનામાં વધારે સુસંગત છે.

(D) કંપની-એ માં કંપની-બી ની તુલનામાં નફામાં ઓછી પરીવર્તનશીલતા છે.

176. નીચે પૈકી કયુ વિધાન સત્ય નથી?

(A) સહસબંધ શ્રેણીમાં સહસબંધ ના ગુણાંકનું મૂલ્ય +1 અને -1 ની વચ્ચે હોય છે.

(B) નિશ્ચાયક નો ગુણાંક હમેશા હકારાત્મક મૂલ્ય ધરાવે છે.

(C) સહસબંધનો ગુણાંક, સ્કેલ કે ઉદગમથી અસર પામતો નથી.

(D) સ્પીયરમેનના ક્રમ સહસબંધ ની ગણતરીનું સૂત્ર $r_s = 1 - \sum d^2/(n^3 - n)$ છે.

177. જો બે કે તેથી વધારે શ્રેણી વૈયક્તિક રૂપે સ્થિર નથી, પરંતુ તેનું સુરેખ સંયોજન સ્થિર હોય છે. – આ શેનું ઉદાહરણ છે?

(A) વલણ સ્થિરતા

(B) સહ જોડાણ

(C) યદચ્છ રીતે ફેલાયેલ

(D) ભ્રામક નિયતસબંધ

178. જો G = સમીકરણોની સંખ્યા 10 છે, K = મોડેલમાં કુલ ચલની સંખ્યા 15 છે, M = કોઈ એક સમીકરણમાં ચલની સંખ્યા 5 છે તો, નીચેના પૈકી કયુ વિધાન સત્ય છે?

(A) સમીકરણ યોગ્ય રીતે ઓળખાયેલ છે

(B) સમીકરણ વિશેષ રીતે ઓળખાયેલ છે

(C) સમીકરણ અપૂરતું ઓળખાયેલ છે

(D) સમીકરણ નથી વિશેષ ઓળખાયેલું કે નથી ઓછું ઓળખાયેલું

179. આપેલ $TP = 90K^2 - K^3$ માટે, પ્રથમ કક્ષાનું શરતી મૂલ્ય (સમીક્ષાત્મક મૂલ્ય) અને દ્વિતીય કક્ષાનું શરતી મૂલ્ય AP કેટલું હશે? (જ્યાં TP = કુલ ઉત્પાદન અને AP = સરેરાશ ઉત્પાદન)

(A) સમીક્ષાત્મક મૂલ્ય 45 અને દ્વિતીય કક્ષાનું શરતી મૂલ્ય (-) 2

(B) સમીક્ષાત્મક મૂલ્ય 45 અને દ્વિતીય કક્ષાનું શરતી મૂલ્ય (+) 2

(C) સમીક્ષાત્મક મૂલ્ય 35 અને દ્વિતીય કક્ષાનું શરતી મૂલ્ય (-) 2

(D) સમીક્ષાત્મક મૂલ્ય 35 અને દ્વિતીય કક્ષાનું શરતી મૂલ્ય (+) 2

180. પેઢીના આપેલા માંગ વિધેય $P = 64/x + 16 - x$ માટે પેઢીનું TR વિધેય શું હશે?

(A) $TR = x^2 + 16x + 64$

(B) $TR = x^2 - 16x + 64$

(C) $TR = -x^2 + 16x + 64$

(D) $TR = -x^2 - 16x + 64$

181. ધારોકે, એક ઈજરાદારનું માંગનું સુરેખ સમીકરણ, $P = 100 - 2q$ અને સુરેખ કુલ ખર્ચ વિધેય, $C = 50 + 20q$ છે. તો તેના માટે ઉત્પાદનનું ઈષ્ટતમ બિંદુ કયુ હશે?

(A) 80

(B) 50

(C) 20

(D) 10

182. નીચેના પૈકી કયુ વિધાન સાચું નથી?

(A) એકમ શ્રેણીકનો ગુણક પોતેજ મૂળભૂત શ્રેણિક ને અપરિવર્તિત રાખે છે.

(B) શ્રેણીકનો ગુણક જો શૂન્ય શ્રેણિક સાથે કરવામાં આવે તો તે મૂળભૂત શ્રેણીકને અપરિવર્તિત રાખે છે.

(C) શૂન્ય શ્રેણીકનો શ્રેણિક સાથે સરવાળો કે બાદબાકી કરવામાં આવે તો મૂળભૂત શ્રેણિક અપરિવર્તનશીલ રહે છે.

(D) કોઈપણ શ્રેણિક જે A = AT હોય તે સંમિત શ્રેણિક છે.

183. એક વિકલન સમીકરણની કક્ષા અને ક્રમ $(d^2y/dt^2)^7 + (d^3y/dt^3)^5$ છે, તો તે ...

(A) સાતમો ક્રમ બીજી કક્ષા
(B) પાંચમો ક્રમ ત્રીજી કક્ષા
(C) ત્રીજો ક્રમ પાંચમી કક્ષા
(D) બીજો ક્રમ સાતમી કક્ષા

184. નીચેના પૈકી કઈ કસોટી પાયાના પરીવર્તન પર આધારિત સૂચકઆંક કસોટી છે?

(A) એકમ કસોટી
(B) યાદચ્છિક કસોટી
(C) સરક્યુલર કસોટી
(D) વર્ગ કસોટી

185. ''જ્યારે ઘર આંગણાની વ્યાપારની શરતો આંતર રાષ્ટ્રીય વ્યાપારની શરતો કરતાં નીચી હોય ત્યારે જ આંતરરાષ્ટ્રીય વ્યાપાર શક્ય બને છે.'' આ વિધાન કોનું છે?

(A) હેબરલર
(B) જે. એસ. મિલ
(C) જેકોબ વાઈનર
(D) લીઓન્ટીફ

186. હેશ્ચર-ઓહલીનના આંતરરાષ્ટ્રીય વ્યાપારના મોડેલના સંદર્ભમાં નીચેના પૈકી શું સાચું નથી?

(A) મૂડીની દ્રષ્ટિએ સમૃદ્ધ રાષ્ટ્ર મૂડી પ્રચુર વસ્તુની નિકાસ કરશે અને શ્રમ પ્રચુર વસ્તુની આયાત કરશે.

(B) આ સિદ્ધાંત વસ્તુ અને સાધન બજાર બંને માં પૂર્ણ હરિફાઈની ધારણા કરે છે.

(C) આ સિદ્ધાંત માં બધાજ ઉત્પાદન વિધેયોને અસુરેખ ધારવામાં આવ્યા છે.

(D) જે દેશમાં વધારે શ્રમ હશે તે શ્રમ પ્રચુર વસ્તુની નિકાસ કરશે.

187. નીચેના પૈકી ક્યાં વિધાનો સત્ય છે?

1. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે જુદાજુદા દેશોમાં શ્રમની ઉત્પાદકતામાં તફાવતના કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદભવે છે.

2. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ ધારણા કરે છે કે, ઉત્પાદનના સાધનો રાષ્ટ્રની અંદર સંપૂર્ણ ગતિશીલ હોય છે.

3. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ ધારણા કરે છે કે, ઉત્પાદનના સાધનો જુદા જુદા રાષ્ટ્રો વચ્ચે સંપૂર્ણ ગતિશીલ હોય છે.

4. વ્યાપારનો સિદ્ધાંત અનિવાર્યપણે સામાન્ય સમતુલા વિશ્લેષણની એક શાખા છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 2, 3 અને 4
(B) માત્ર 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 1, 2 અને 4

188. વ્યાપારનો વસ્તુના જીવનનિર્વાહનો સિદ્ધાંત કોણે આપ્યો?

(A) આર. વર્નન
(B) ડબલ્યુ. લીઓન્ટીફ
(C) કે. એરો
(D) પોલ ક્રૂગમેન

189. શેના સંદર્ભમાં કોઈ એક દેશની લેણદેણની તુલાની જમાં બાજુએ લોકોએ કોઈપણ પ્રકારની વર્તમાન કે ભાવિ ચુકવણી બદલામાં કરવાની હોતી નથી?

(A) વસ્તુઓની નીકાસ
(B) પર્યાપ્ત રસીદો
(C) સેવાઓની નિકાસ
(D) મૂડી રસીદો

190. નીચેના વાક્યો વાંચો.

1. જો આવકમાં 10 ટકાનો વધારો થાય અને આયાતોમાં 5 ટકાનો વધારો થાય તો, આયાતોની આવક સાપેક્ષતા 0.5 બરાબર થાય.

2. જો આવકમાં 5 ટકાનો વધારો થાય અને આયાતોમાં 10 ટકાનો વધારો થાય તો આયાતોની આવક સાપેક્ષતા 0.5 બરાબર થાય.

3. જો કોઈ એક દેશની સીમાંત અને સરેરાશ આયાતવૃતિ સમાન હોય તો તેની આયાતોની માંગની આવક સાપેક્ષતા શૂન્ય થાય.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 3

191. જો આપેલ સીમાંત બચતવૃતિ 0.2 બરાબર હોય, અને સીમાંત આયાતવૃતિ 0.3 બરાબર હોય, ત્યારે નિકાસોમાં સ્વાયત રીતે 100 જેટલો વધારો થાય તો તે રાષ્ટ્રીય આવકમાં કેટલા વધારા તરફ દોરી જશે?

(A) 50
(B) 100
(C) 175
(D) 200

192. જ્યારે ખર્ચ ઘટાડાની નીતિ અમલમાં હોય ત્યારે લેણદેણની તુલાની ખાધ દૂર કરવા માટે નીચે પૈકી કઈ પ્રવૃતિની હકારાત્મક અસર થશે?

(A) કડક નાણાકીય નીતિ

(B) વધારે નિયંત્રણ યુક્ત રાજકોષીય નીતિ

(C) કડક નાણાકીય નીતિ અને વધારે નિયંત્રણ યુક્ત રાજકોષીય નીતિ બંને

(D) કડક નાણાકીય નીતિ કે નિયંત્રણયુક્ત રાજકોષીયનીતિ બન્નેમાથી એકપણ નથી.

193. વ્યાપારતુલાની ખાધને દૂર કરવા માટે જ્યારે દેશ અવમૂલ્યન અપનાવે ત્યારે નીચેના પૈકી શું સાચું નથી?

(A) અવમૂલ્યનની તાત્કાલિક અસર વિદેશમાં માંગની મૂલ્ય સાપેક્ષતા પર આધાર રાખે છે.

(B) વિદેશમાં માંગની મૂલ્ય સાપેક્ષતા ના સંદર્ભમાં આયાત સ્પર્ધા ધરાવતા ઉધોગો વધારે સારી હરિફાઈની સ્થિતિમાં રહેશે.

(C) જો નિકાસો અને આયાતો માટેની માંગની મૂલ્ય સાપેક્ષતાનો સરવાળો 1 કરતાં વધારે હશે તો દેશ પોતાની વ્યાપારની શરતોમાં સુધારો કરી શકશે.

(D) જો નિકાસો અને આયાતો માટેની માંગની મૂલ્ય સાપેક્ષતાનો સરવાળો 1 કરતાં ઓછો હોય તો દેશ પોતાની વ્યાપારની શરતોમાં સુધારો કરી શકશે.

194. હંગામી ધોરણે આંતરરાષ્ટ્રીય બજારમાં વસ્તુનું ઓછા ખર્ચે કે નીચી કિમતે વેચાણ કરવાની રીતને શું કહી શકાય?

(A) શિકારી લાદણ
(B) વિરોધી લાદણ
(C) સતત લાદણ
(D) છૂટુછવાયું લાદણ

195. જો ઉત્પાદનની વૃદ્ધિ વ્યાપારના નિરપેક્ષ ઘટાડામાં પરિણમે તો તેવી વૃદ્ધિને શું કહેવાય?

(A) વિરોધ વેપાર પક્ષપાત
(B) તરફેણ વેપાર પક્ષપાત
(C) તીવ્ર તરફેણ વ્યાપાર પક્ષપાત
(D) તીવ્ર વિરોધ વેપાર પક્ષપાત

196. નીચે પૈકી શેને જકાતની અધિક સંતોષનો ક્ષય કરનારી અસર તરીકે ઓળખી શકાય?

(A) માત્ર મૂડી રોકાણ અને ઉત્પાદનનું નુકશાન

(B) માત્ર વપરાશ અને મૂડીરોકાણનું નુકશાન

(C) માત્ર ઉત્પાદન અને વપરાશનું નુકશાન

(D) માત્ર નફો અને વપરાશનું નુકશાન

197. જકાત લાદવાને કારણે ગ્રાહકનો અધિશેષ ગ્રાહક પાસેથી ઉત્પાદક પાસે જતો રહે તેને શું કહેવાય છે?

(A) મહેસૂલ અસર

(B) ઉપભોગ અસર

(C) ઉત્પાદન અસર

(D) પુનઃવિતરણ અસર

198. જ્યારે કોઈએક દેશની નિકાસો પર અન્ય દેશ જકાત નાખે અને તેના પ્રત્યુતર રૂપે જે તે દેશ આયાત ડ્યુટી નાખે તેને નીચે ના પૈકી શું કહેવાય?

(A) સંરક્ષણાત્મક જકાત

(B) બદલા જકાત

(C) જકાતનો અસરકારક દર

(D) ઈષ્ટતમ જકાત

199. વિશ્વ વ્યાપાર સંસ્થા ના વર્તમાન ડાયરેક્ટર જનરલ કોણ છે?

(A) સુપાચાઈ પાનીચપકડી

(B) રોબર્ટો એઝેવેડો

(C) ન્ઝોગી ઓકોન્ઝો આઈવેલા

(D) પાસ્કલ લામી

200. વર્લ્ડ બેન્કના વર્તમાન પ્રેસિડેન્ટ કોણ છે?

(A) જિમ યંગ કીમ

(B) રોબર્ટ ઝોલીક

(C) પોલ વોલ્ફોવિટ્ઝ

(D) ડેવિડ આર. માલપાસ

201. જે બજારમાં કિમત ઓછી હોય ત્યાથી વિદેશી ચલણની ખરીદી અને જ્યાં તેના ભાવ ઊંચા હોય તેવા કોઈપણ બજારોમાં તેનું વેચાણ નીચેના પૈકી શું સૂચવે છે?

(A) અનુમાનિત વિનિમય દર પ્રવૃતિ

(B) વિદેશી ચલણનું અધીમૂલ્યન

(C) તરલ વ્યવસ્થાપન

(D) ભાવફેર નિર્મૂલન

202. નીચે પૈકી કયો સિદ્ધાંત એવું દર્શાવે છે કે બે અપરિવર્તનશીલ કાગદી ચલણ વચ્ચે સમતુલાનો વિનિમય દર બે દેશોમાં સમાન રીતે સાપેક્ષ ભાવોમાં સાપેક્ષ પરીવર્તન થવાથી આવે છે?

(A) ટંકશાળ સમતા સિદ્ધાંત

(B) સમખરીદ શક્તિનો સિદ્ધાંત

(C) લેણદેણની તુલાનો સિદ્ધાંત

(D) તરતા વિનિમય દરનો સિદ્ધાંત

203. બે રોકાણકારો વચ્ચે બે જુદા જુદા ચલણની સમાન રીતે થતી લેણ-દેણ કેવા પ્રકારના સોદાઓ કહેવાય છે?

(A) તાત્કાલિક સોદાઓ

(B) અગ્રગામી સોદાઓ

(C) ભાવિ સોદાઓ

(D) અદલા-બદલીના સોદાઓ

204. અમુક દેશોનું જુથ પરસ્પરની જકાત દૂર કરે છે અને અન્ય દેશોની આયાતો પર બાહ્ય જકાતનું એક સમાન માળખું ઊભું કરે છે આ વ્યવસ્થાને શું કહેવાય?

(A) મુક્ત વ્યાપાર વિસ્તાર

(B) કસ્ટમ યુનિયન

(C) સામાન્ય બજાર

(D) આર્થિક સંઘ

205. યુનાઈટેડ કિંગડમે ક્યારે યુરોપીયન યુનિયન છોડ્યું?

(A) જુલાઈ, 2019

(B) જાન્યુઆરી, 2020

(C) જુલાઈ, 2020

(D) જાન્યુઆરી, 2021

206. ગ્રૂબેલ-લિયોડ સૂચકઆંક નું મૂલ્ય ક્યારે શૂન્ય થાય?

(A) જ્યારે વિવિધ ઉધોગોની વસ્તુ વચ્ચે વ્યાપાર થતો નથી

(B) જ્યારે એક જ ઉધોગોની વસ્તુઓ વચ્ચે વ્યાપાર થાય છે

(C) જ્યારે એક જ ઉધોગોની વસ્તુઓ વચ્ચે વ્યાપાર થતો નથી

(D) જ્યારે વિવિધ ઉધોગોની વસ્તુઓ વચ્ચે વ્યાપાર થાય છે

207. ગેટ ની નેગોશીએટિંગ કોન્ફરન્સના ક્યાં રાઉન્ડ સાથે ''ડન્કેલ કરાર'' સંકળાયેલ છે?

(A) ટોક્યો રાઉન્ડ

(B) ઉરૂગ્વે રાઉન્ડ

(C) કેનેડી રાઉન્ડ

(D) ડીલોન રાઉન્ડ

208. 'જે - રેખા અસર' શું સૂચવે છે?

(A) અવમૂલ્યન થી લેણદેણની તુલાની ખાધમાં પ્રારંભિક રીતે ઘટાડો થશે.

(B) અવમૂલ્યનથી લેણદેણની તુલાની ખાધ પ્રારંભિક રીતે વધારે ખરાબ થશે.

(C) અવમૂલ્યન થી લેણદેણની તુલાની ખાધમાં પ્રારંભિક રીતે કોઈ અસર દેખાશે નહીં.

(D) અવમૂલ્યન પ્રારંભિક રીતે લેણદેણની તુલાની બધીજ ખાધ દૂર કરશે.

209. નીચેના પૈકી કયુ વિધાનો સત્ય નથી?

(A) જાહેર વસ્તુનો ઉપભોગ હમેશા સંયુક્ત અને સમાન હોય છે.

(B) જાહેર વસ્તુનો ઉપભોગ હમેશા બિન-વંચિતતા અને બિન-હરિફાઈયુક્ત હોય છે.

(C) જાહેર વસ્તુઓનું ઉત્પાદન મુક્ત બજારની કિમત પદ્ધતિથી થતું હોય છે.

(D) જાહેર વસ્તુઓ અવિભાજ્ય હોય છે.

210. 'ટાઈબટ-ઓટ્સ' મોડેલ મૂળભૂત રીતે શેની સાથે જોડાયેલુ છે?

(A) અશુદ્ધ જાહેર વસ્તુઓ

(B) સ્થાનિક જાહેર વસ્તુઓ

(C) ખાનગી વસ્તુઓ

(D) જાહેર વસ્તુઓ

211. નીચેના પૈકી એવી કઈ વસ્તુઓ છે જે માત્ર તેના વપરાશકર્તાને લાભ નથી પહોચાડતી પણ વપરાશ ના કરનારને પણ લાભ કરે છે?

(A) ગુણકારી વસ્તુઓ

(B) આભાસી જાહેર વસ્તુઓ

(C) શુદ્ધ જાહેર વસ્તુઓ

(D) હાનિકારક વસ્તુઓ

212. નીચેના પૈકી શું સરકારની બિન કરવેરા આવકની યાદીમાં આવે છે?

(A) આવક અને ખર્ચ પરના કરવેરા

(B) જાહેરક્ષેત્રનો નફો, ડિવિડન્ડ અને વ્યાજ

(C) મૂડી અને મિલકતના સોદાઓ પરના વેરાઓ

(D) વસ્તુ અને સેવા પરના વેરાઓ

213. કરવેરાના પાયામાં વૃદ્ધિ થવાને કારણે કર આવકમાં થતાં વધારાને શું કહે છે?

(A) કરવેરામાં ઉછાળો

(B) કરવેરાની સાપેક્ષતા

(C) કરના દરની અસર

(D) કરની અંકગાણિતીય અસર

214. નીચેના પૈકી શું સાચું નથી?

(A) પરોક્ષ વેરો એક વ્યક્તિ પર નાખવામાં આવે છે પરંતુ તે આંશિક કે સંપૂર્ણ રીતે બીજા વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવે છે.

(B) પરોક્ષ વેરાઓ વસ્તુઓ અને સેવાઓ પર નાખવામાં આવે છે.

(C) પ્રત્યક્ષ કરના કિસ્સામાં કરાઘાત અને કર સંપાત એક જ વ્યક્તિ પર થાય છે.

(D) પ્રત્યક્ષ વેરાને ખસેડી શકાય છે.

215. જો કરવેરાના દર અને કરપાત્ર આવક વચ્ચે વ્યસ્ત સબંધ હોય તો તેને શું કહે છે?

(A) હિયમાન કરવેરા
(B) ઘટતા જતાં અને લાંબા ગાળે સ્થિર થઈ જતાં કરવેરા
(C) પ્રમાણસર કરવેરા
(D) પ્રગતિશીલ કરવેરા

216. નીચેના પૈકી શું સાચું નથી?

(A) પ્રત્યક્ષ વેરાનો દર વેરા ચૂકવનારની વેરો ચૂકવવાની ક્ષમતાની આસપાસ નક્કી થતો હોય છે.
(B) પરોક્ષ વેરો સામાન્ય રીતે હિયમાન હોય છે.
(C) પરોક્ષ વેરામાં પ્રત્યક્ષ વેરા કરતાં કરચોરી અને કર ટાળવાની સંભાવના વધારે હોય છે.
(D) પ્રત્યક્ષ વેરા વૃદ્ધિગત હોય છે.

217. મસગ્રેવના મત મુજબ જો સરકાર વૈકલ્પિક રસ્તા તરીકે કરવેરા દ્વારા આવક વધારવાની પસંદગી દર્શાવે તો વહેચણીમાં થયેલા ફેરફારના કારણે એક વેરો બીજાની અવેજીમાં પરિણમશે. તેને શું કહેવાય?

(A) સામાન્ય કરાઘાત
(B) અસરકારક કરાઘાત
(C) વિશિષ્ટ કરાઘાટ
(D) વિભેદક કરાઘાત

218. નીચેના પૈકી શું સાચું નથી?

(A) જે વસ્તુ પર કર પડેલો છે તેની માંગની મૂલ્યસાપેક્ષતા જો વધારે હશે તો વિક્રેતા દ્વારા થયેલ કરવહનનું પ્રમાણ પણ વધારે હશે.
(B) જે વસ્તુ પર કર પડેલો છે તેની પુરવઠાની મૂલ્યસાપેક્ષતા જો વધારે હશે તો વિક્રેતા દ્વારા થયેલ કરવહનનું પ્રમાણ પણ વધારે હશે.
(C) જે વસ્તુના પુરવઠાની સાપેક્ષતા અનંત (એક્સ ધરીને સમાંતર) હશે તો વિક્રેતાએ સંપૂર્ણ કરાઘાત ભોગવવો પડશે.
(D) જો પુરવઠાની સાપેક્ષતા શૂન્ય હશે અથવા માંગ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ હશે તો વિક્રેતાએ સંપૂર્ણ કરાઘાત ભોગવવો પડશે.

219. જે દેવું સરકાર પાકતી મુદત પહેલા ચૂકવે છે તે ક્યાં નામથી ઓળખાય છે?

(A) ભંડોળ દેવું
(B) પ્રતીદેય દેવું
(C) વેચાણપાત્ર દેવું
(D) અપ્રતિદેય દેવું

220. શ્રીમાન હિક્સના મત મુજબ નીચેના પૈકી કયુ અધિક સંતોષનો ક્ષય કરનારૂં દેવું છે?

(A) યુદ્ધ જેવા બિનઉત્પાદક ખર્ચને પહોચી વળવા જે દેવું લેવામાં આવે છે તે.
(B) રેલ્વે, આરોગ્ય, શિક્ષણ જેવા મૂડીગત ખર્ચને પહોચી વળવા માટે જે દેવું લેવામાં આવે છે તે.
(C) મ્યુઝિયમ, જાહેર વાંચનાલયો, પ્રાણી સંગ્રહાલયો, બગીચા જેવી જાહેર વસ્તુઓ પૂરી પાડવા માટે જે દેવું લેવામાં આવે છે તે
(D) ટૂંકા ગાળાના ધિરાણ ચૂકવવા માટે જે દેવું લેવામાં આવે છે તે.

221. પ્રોવિડંડ ફંડ અને નાની બચતોમાથી જે ભંડોળ એકત્રિત કરવામાં આવે તે નીચેના પૈકી શેનો એક ભાગ છે?

(A) ચાર્જ ફંડ
(B) કંટીજન્સી ફંડ
(C) જાહેર ખાતું
(D) આશ્વાસન ભંડોળ

222. નદી પ્રોજેકટ, હાઇ-વે બાંધકામ, સ્ટીલ પ્લાન્ટ જેવી ટકાઉ અસ્કયામતો પર થતો ખર્ચ કેવો ખર્ચ ગણાય છે?

(A) મૂડી ખર્ચ
(B) મહેસૂલી ખર્ચ
(C) વસ્તુ અને સેવા પરનો ખર્ચ
(D) બિન ઉત્પાદક ખર્ચ

223. વધારે સમાન આવકની વહેંચણી કરવા માટે સરકાર દ્વારા ગરીબોને નાણાનાં સ્વરૂપમાં કરવામાં આવતી સીધી ચુકવણી નીચેના પૈકી શું કહેવાય?

(A) હકારાત્મક આવક વેરો
(B) નકારાત્મક આવક વેરો
(C) ઉચ્ચક વેરો
(D) ખર્ચ વેરો

224. જાહેર ખર્ચની વૃદ્ધિના સંદર્ભમાં પ્રત્યક્ષ બિન ઉત્પાદકીય નફા વાળી પ્રવૃતિઓનો ખ્યાલ કોણે આપ્યો છે?

(A) ફ્રુગર
(B) એરો
(C) જગદીશ ભગવતી
(D) પીકોક વાઈઝમેન

225. પીકોક વાઈઝમેનની પરિકલ્પના મુજબ આવશ્યક જાહેરખર્ચ ના સંદર્ભમાં આવકમાં ઘટાડો શેના તરફ દોરી જાય છે?

(A) વિસ્થાપન અસર
(B) નિરીક્ષણ અસર
(C) પુનઃસ્થાપન અસર
(D) જોડાણ અસર

226. ફેબ્રુઆરી 2021 માં ગુજરાત રાજયમાં જી.એસ.ટી. નું (આયાતી વસ્તુ પરના જી.એસ.ટી. સિવાય) એકત્રીકરણ કેટલું હતું?

(A) રૂ. 8221.23 કરોડ
(B) રૂ. 6426.49 કરોડ
(C) રૂ. 7215.54 કરોડ
(D) રૂ. 7581.45 કરોડ

227. જો સરકારી ખર્ચમાં જેટલો ફેરફાર થાય તેટલોજ ફેરફાર રાષ્ટ્રીય આવકમાં થાય તો સમતોલ બજેટ ગુણક કેટલો હશે?

(A) અનંત
(B) એકમ કરતાં વધારે
(C) એકમ કરતાં ઓછો
(D) એકમ બરાબર

228. આરબીઆઈ મુજબ લોકોના હાથમાં રહેલું ચલણી નાણું + બેંકોમાં રહેલ ચાલુ થાપણો + બેંકોમાં રહેલી બચત ખાતાની થાપણો + આરબીઆઈ માં રહેલી અન્ય થાપણો શેનું સૂચન કરે છે?

(A) $M_0$
(B) $M_1$
(C) $M_2$
(D) $M_3$

229. વર્ષ 2021 માં જાહેરક્ષેત્રની બેંકોમાં (PSBs) કેટલીક બેંકોનું જોડાણ થવાથી જાહેરક્ષેત્રની બેંકોની સંખ્યા કેટલી થઈ છે?

(A) 10
(B) 11
(C) 12
(D) 14

230. વસ્તુવેરો પડવાને કારણે જો તૈયાર વસ્તુનું ઉત્પાદન કરનાર ઉત્પાદક કાચો માલ પૂરો પાડનાર ઉત્પાદકને નીચી કિમત સ્વીકારવા અનુરોધ કરે તેને શું કહેવાય?

(A) કરવેરાને પાછળની તરફ ખસેડવા
(B) કરવેરાને ઉપરની તરફ ખસેડવા
(C) કરવેરાને આગળની તરફ ખસેડવા
(D) કરવેરાને સક્રિયતાથી ખસેડવા

231. નીચેના પૈકી કઈ બિન બેંકિંગ નાણાકીય કંપનીઓની નવી કેટેગરી છે?

(A) NBFC-M2M
(B) NBFC-H2H
(C) NBFC-S2S
(D) NBFC-P2P

232. જો રોકડ અનામતનો ગુણોતર 10 ટકા હોય તો, રૂ. 10,000 કરોડના શાખ સર્જન માટે કેટલી પ્રાથમિક થાપણો અથવા રોકડ અનામતની જરૂર પડશે?

(A) રૂ. 100 કરોડ
(B) રૂ. 500 કરોડ
(C) રૂ. 800 કરોડ
(D) રૂ. 1,000 કરોડ

233. નીચેના વિધાનો વાંચો.

1. રોકડ અનામતનો ગુણોતર જેટલો ઓછો હશે તેટલું જ વધારે શાખ વિસ્તરણ થશે.

2. રોકડ અનામતનો ગુણોતર જેટલો વધારે હશે તેટલું જ વધારે શાખ વિસ્તરણ થશે.

3. રોકડ અનામતનો ગુણોતર જેટલો વધારે હશે તેટલુંજ થાપણ ગુણકનું મૂલ્ય ઓછું રહેશે.

4. રોકડ અનામતનો ગુણોતર જેટલો વધારે હશે ધિરાણ ગુણકનું મૂલ્ય તેટલું જ ઓછું રહેશે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1, 2 અને 4

234. એક વ્યાપારી બેન્કના સરવૈયા માં અન્ય બેન્કો સાથેનું બેલેન્સ શેમાં દર્શાવવામાં આવે છે?

(A) અસ્ક્યામત બાજુ (જમા બાજુ)
(B) જવાબદારી બાજુ (ઉધાર બાજુ)
(C) બંને અસ્ક્યામત અને જવાબદારી બાજુ
(D) અસ્ક્યામત અને જવાબદારી બાજુ પૈકી કોઈ બાજુ નહીં

235. નીચેના પૈકી કયુ આરબીઆઇ ના ગુણાત્મક શાખ નિયંત્રણનું સાધન નથી?

(A) જરૂરિયાતની સીમા નિયંત્રિત કરવી
(B) પરીવર્તનશીલ અનામત ગુણોતર
(C) ગ્રાહકની શાખનું નિયંત્રણ
(D) ધિરાણની માપબંધી

236. “જ્યારે બેંક દર બદલાય ત્યારે લાંબાગાળાનો વ્યાજનો દર પણ સમાન દિશામાં પરીવર્તન પામે છે, જેની અસર મૂડીરોકાણ, કિંમત અને રોજગારી પર થાય છે.” – આ અભિગમ કોનો હતો?

(A) હોટ્રેનો અભિગમ
(B) કેઇન્સનો અભિગમ
(C) રેડક્લીફ સમિતિનો અભિગમ
(D) ગુર્લે-શો નો અભિગમ

237. નીચેના પૈકી શું સાચું છે?

(A) શાખ વિસ્તરણ કરવા માટે મધ્યસ્થ બેન્ક બેન્ક રેટ વધારે છે.

(B) શાખ વિસ્તરણને અટકાવવા માટે વ્યાપારી બેન્કો પાસેથી મધ્યસ્થ બેન્ક સરકારી જામીનગીરીઓ ખરીદે છે.

(C) શાખ વિસ્તરણ માટે મધ્યસ્થ બેન્ક વ્યાપારી બેન્કોને સરકારી જામીનગીરીઓ વેંચે છે.

(D) શાખના વિસ્તરણ માટે આરબીઆઇ વ્યાપારી બેન્કો માટે રોકડ અનામત ગુણોતર ઘટાડે છે.

238. રિવર્સ રેપો રેટ એટ્લે...

(A) જે દરે આરબીઆઇ વ્યાપારી બેન્કો પાસેથી નાણાં ઉધાર લે છે તે.

(B) તે રેપોરેટ કરતાં ઊંચો હોય છે.

(C) ભંડોળની તરલતા જાળવવા તેનો ઉપયોગ થાય છે.

(D) જે દરે આરબીઆઇ વ્યાપારી બેન્કોને નાણાં ઉધાર આપે છે તે.

239. કુલ રાષ્ટ્રીય આવકમાં થતો કોઈપણ વધારો કે જે મૂડી કે શ્રમના જથ્થામાં ટૂંકા ગાળાના કોઈ સમાયોજનને દર્શાવતો ના હોય તેને શું દર્શાવે છે?

(A) સોલો નો અધિશેષ
(B) સ્ટીગ્લીટ્ઝ નો ગુણાંક
(C) રિચાર્ડ લાયર્ડ ગુણોતર
(D) અભિજિત બેનરજીનું ભાગફળ

240. માર્કસ ના આર્થિક વિકાસના સિદ્ધાંત મુજબ :

1. બજાર ભાવો અને શ્રમિકોને ચૂકવવામાં આવતા વળતર વચ્ચેનો તફાવત અધિશેષ મૂલ્ય પેદા કરે છે.

2. પરિવર્તનશીલ મૂડીના અધિશેષના ગુણોતરને મૂડીના મૂળભૂત ઘટક તરીકે ઓળખવામાં આવે છે.

3. મૂડીના મૂળભૂત ઘટક સાથે નફાનો દર વ્યસ્ત સબંધ ધરાવે છે.

4. વેતન વૃદ્ધિના કારણે લાંબાગાળે નફામાં ઘટાડો થાય છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 2 અને 4

241. નીચેના પૈકી કઈ પરિકલ્પના એવું દર્શાવે છે કે, આર્થિક વિકાસના પ્રારંભિક તબક્કામાં આવકની સાપેક્ષ અસમાનતામાં વધારો થાય છે અને તે વધતાં વધતાં તેની ટોંચ પર પહોચે છે, ત્યારબાદ તેમાં ઘટાડો શરૂ થાય છે, અને આ પ્રક્રિયા વિકાસના પછીના તબક્કાઓમાં ચાલુ રહે છે.

(A) જે પરિકલ્પના
(B) પ્રતિ જે પરિકલ્પના
(C) વી પરિકલ્પના
(D) પ્રતિ યુ પરિકલ્પના

242. વર્ષ 2019 માં અર્થશાસ્ત્રનું નોબલ પ્રાઇઝ નીચેના પૈકી ક્યાં કાર્ય માટે એનાયત કરવામાં આવ્યું?

(A) વૈશ્વિક ગરીબી નાબૂદી માટેનો પ્રાયોગિક અભિગમ

(B) ગ્રામીણ ગરીબી નાબૂદી માટેનો પ્રાયોગિક અભિગમ

(C) શહેરી ગરીબી નાબૂદી માટેનો વિશ્લેષણાત્મક અભિગમ

(D) ભારતીય ગરીબી નાબૂદી માટેનો સમીક્ષાત્મક અભિગમ

243. જી.ડી.પી. ના વિકલ્પ તરીકે આર્થિક વિકાસના માપક તરીકે કુલ રાષ્ટ્રીય સુખાકારી આંક (GNHI) નો અમલ કોણે કર્યો?

(A) ભૂતાન
(B) બાંગ્લાદેશ
(C) સિંગાપોર
(D) યુ.એન.ડી.પી.

244. રિકાર્ડોના આર્થીક વિકાસના સિદ્ધાંત મુજબ નીચેના પૈકી શું સાચું નથી?

(A) નફો અને વેતન વ્યસ્ત સબંધ ધરાવે છે.

(B) વસ્તીના પ્રમાણ અને વેતન વચ્ચે નકારાત્મક સહસબંધ હોય છે.

(C) એવું ધારવામાં આવે છે કે, શ્રમિકો અને જમીનદારો તેમની બધીજ આવક ખર્ચી નાખે છે અને પરિણામે કોઈ બચત કરતા નથી.

(D) સ્થગીતતાની સ્થિતિમાં મૂડી સંચય અટકે છે, વસ્તી વૃદ્ધિ થતી નથી અને વેતન દર નિર્વાહ સ્તર જેટલો રહે છે.

245. "મૂડીવાદ માત્ર પોતાના માળખાનો જ નાશ નથી કરતો, પરંતુ અન્ય પદ્ધતિના વિચાર માટે પણ પ્રેરે છે, દા.ત. સમાજવાદ."– આ વિધાન કોનું છે?

(A) આર્થર લેવીસ
(B) રિચાર્ડ નેલ્સન
(C) ગુન્નાર મિર્ડાલ
(D) શૂમ્પીટર

246. નીચેના પૈકી કયાં વિધાનો સાચા છે?

1. રોમર્સનું આંતરિક વૃદ્ધિ મોડેલ ટેકનોલોજીની બાહ્ય અસરો દર્શાવે છે.

2. ઑ-વલય મોડેલ મુજબ કૌશલ્ય સુધારણાનું મૂલ્ય અન્ય એજન્ટો દ્વારા કરવામાં આવતી સમાન સુધારણા પર આધાર રાખે છે.

3. મોટા ધક્કાના સિદ્ધાંત મુજબ આધુનિક ક્ષેત્રની પેઢીઓ દ્વારા ઉત્પાદન અંગે લેવાતા નિર્ણયો પારસ્પરિક મજબૂતી સાધે છે.

4. મોટા ધક્કાના સિદ્ધાંત પ્રમાણે પારંપરિક ક્ષેત્રની પેઢીઓ દ્વારા ઉત્પાદન અંગે લેવાતા નિર્ણયો પારસ્પરિક મજબૂતી સાધે છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 2, 3 અને 4

247. રેસ્ટોવના મત મુજબ, આર્થિક વિકાસના ક્યાં તબક્કામાં અર્થતંત્રના અગ્રણી ક્ષેત્રો ટકાઉ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન તરફ વળે છે?

(A) ઉડ્ડયનનો તબક્કો
(B) ઉડ્ડયનની પૂર્વ શરતનો તબક્કો
(C) પરિપક્વતા તરફનો તબક્કો
(D) ઉચ્ચતમ સામૂહિક વપરાશનો તબક્કો

248. 'જ્યારે ઉધોગોનું એક જુથ પોતાના સીમાંત સામાજિક ઉત્પાદનનું આયોજન કરે ત્યારે અર્થતંત્રમાં વૃદ્ધિ દર જેટલો હોવો જોઈએ તેના કરતાં વધારે રહેશે.' – આ વિધાન કોનું છે?

(A) રેગ્નર નર્કસ
(B) આર્થર લેવીસ
(C) રોઝેસ્ટાઈન રોડાન
(D) સિંગર એચ. ડબલ્યુ.

249. નીચેના પૈકી શું સાચું નથી?

(A) શિક્ષણ, જાહેર આરોગ્ય વગેરે જેવા સામાજિક સ્થાવર ખર્ચ (SOC) પાછળ થતું મૂડી રોકાણ ખાનગી મૂડી રોકાણ ને પ્રોત્સાહિત કરે છે અને પ્રત્યક્ષ ઉત્પાદક પ્રવૃતિઓમાં (DPA) વૃદ્ધિ થાય છે.

(B) રાજકીય દબાણ સામાજિક સ્થાવર ખર્ચને (SOC) વધારે પ્રમાણમા પ્રોત્સાહિત કરે છે.

(C) અસમતોલ વિકાસના સિદ્ધાંત મુજબ કૃષિ અને ખાણ ઉધોગોમાં અગ્રગામી અને પશ્ચાદગામી જોડાણો વધારે હશે.

(D) અસમતોલ વિકાસનો સિદ્ધાંત છેવાડાના ઉધ્યોગો ને પ્રાથમિકતા આપવાની તરફેણ કરે છે.

250. આર્થિક વિકાસના વૃદ્ધિપથ માટે ઉત્પાદન વિધેયની અવિભાજ્યતા, બચતોની માંગ અને પુરવઠાની અસર વિષેની ચર્ચા કોણે કરેલ છે?

(A) રેગ્નર નર્કસ
(B) આર્થર લેવીસ
(C) સિંગર
(D) રોઝેસ્ટાઈન રોડાન

251. નીચેના પૈકી ક્યો 'આત્મનિર્ભર ભારત' અભિયાન નો એક સ્તંભ નથી?

(A) આંતરમાળખું
(B) માળખું
(C) અર્થતંત્ર
(D) ગતિશીલ શિક્ષણ

252. હેરડના વૃદ્ધિ મોડેલ માં જ્યારે વાસ્તવિક વૃદ્ધિદર વિશ્વાસપાત્ર વૃદ્ધિદર કરતાં વધારે હોય, ત્યારે નીચેના પૈકી કયુ વિધાન સત્ય છે?

(A) આવશ્યક મૂડી ઉત્પાદન ગુણોતરની તુલનામા મૂડી ઉત્પાદન ગુણોતર વધારે રહેશે.

(B) અર્થતંત્ર ખૂબ ઊંચો ફુગાવો અનુભવશે.

(C) આવશ્યક મૂડી ઉત્પાદન ગુણોતરની તુલનામાં મૂડી ઉત્પાદન ગુણોતર વધારે રહેશે અને અર્થતંત્ર મંદીનો અનુભવ કરશે.

(D) આવશ્યક મૂડી ઉત્પાદન ગુણોતર કરતાં મૂડી ઉત્પાદન ગુણોતર ઓછો રહેશે અને અર્થતંત્ર ખુબ ઊંચો ફુગાવો અનુભવશે.

253. કયાં વૃદ્ધિ મોડેલમાં સીમાંત બચતવૃતિ અને કેઈન્સ નો ગુણક પરસ્પર સમાન થાય છે?

(A) હેરડ (B) ડોમર

(C) સોલો (D) જ્હોન રોબિન્સ

254. નીચે પૈકી કયુ મોડેલ દર્શાવે છે કે, ટેક્નોલોજિકલ પ્રગતિથી (1) મૂડી રોકાણના દર, (2) મૂડી જથ્થાનું કદ અને (3) માનવમૂડીનો જથ્થો એમ ત્રણે બાજુથી બાહ્ય વળતરમાં વધારો થાય છે?

(A) હેરડ-ડોમર વૃદ્ધિ મોડેલ (B) જ્હોન રોબિન્સનું વૃદ્ધિ મોડેલ

(C) આંતરિક વૃદ્ધિ મોડેલ (D) સોલોનું વૃદ્ધિ મોડેલ

255. SDG ભારત સૂચક આંક 2018 મુજબ ગુજરાત નીચેના પૈકી કયાં ટકાઉ વિકાસ ધ્યેય (SDGs) માં આગળ છે?

(A) આરોગ્ય (B) સસ્તી અને સ્વચ્છ ઉર્જા

(C) યોગ્ય કામ અને આર્થિક વૃદ્ધિ (D) શુદ્ધ પાણી અને સ્વચ્છતા

256. કિમતોમાં વધારો થવાથી નાણાકીય વેતનમાં વધારો થશે એવા ભયથી મૂડી સંચયનો દર ઘટી જાય એવી પરિસ્થિતી ને શું કહેવાય?

(A) બંધ મોડેલ હેઠળ સુવર્ણયુગ (B) અનિયંત્રિત સુવર્ણયુગ

(C) નિયંત્રિત સુવર્ણયુગ (D) લંગડાતો સુવર્ણયુગ

257. નીચેના પૈકી ક્યો બહુપરીમાંણીય ગરીબી સૂચકઆંકનો નિર્દેશક નથી?

(A) માહિતી અને સંચારની ઉપલબદ્ધતા (B) પીવાના પાણીની ઉપલબ્ધતા

(C) સુરક્ષાની ઉપલબ્ધતા (D) સ્વચ્છતાની ઉપલબ્ધતા

258. ચાર બાબતો પ્રજનન સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગારી અને બજાર બાબતે મહિલાઓને થતાં ગેરલાભ વિષે ક્યો સૂચકઆંક નિર્દેશ કરે છે?

(A) જાતિ વિષયક વિકાસ સૂચકઆંક (GDI) (B) જાતિ અસમાનતા સૂચકઆંક (GII)

(C) જાતિ સશક્તિકરણ માપક (GEM) (D) જાતિ સમાનતા સૂચકઆંક (GEI)

259. નવી શિક્ષણનીતિ (NEP) – 2020 ની મુસદા સમિતિના ચેરમેન કોણ છે?

(A) બેફ્ટ. કોલ. એ. શેકર (B) ડી. એસ. કોઠારી

(C) ક્રિશ્નાસ્વામી કસ્તુરી રંગન (D) અમિત ખરે

260. ભારતમાં આરોગ્યનીતિ – 2017 અનુસાર આરોગ્યખર્ચમાં 2025 સુધીમાં કેટલા ટકા વધારવાનો ધ્યેય છે?

(A) 1.5% (B) 2.5%

(C) 3.5% (D) 4.5%

261. નીચેના પૈકી ક્યો ભારતમાં સરકાર દ્વારા અનુદાનિત વિશ્વનો સૌથી મોટો આરોગ્ય લક્ષી કાર્યક્રમ છે?

(A) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (NRHM) (B) જન સુરક્ષા યોજના (JSY)

(C) રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન (NUHM) (D) રાષ્ટ્રીય આરોગ્ય સુરક્ષા યોજના (NHPS)

262. વસ્તી સંક્રમણનો સિદ્ધાંત નીચેના પૈકી કોણે પ્રતિપાદિત નથી કર્યો?

(A) ડબલ્યુ. એસ. થોમસન અને એફ. ડબલ્યુ. નોટેસ્ટાઈન

(B) પી. સી. બ્લેકર

(C) કાર્લ સાક્સ

(D) એડમ સ્મિથ

263. પી. સી. બ્લેકરના વસ્તી સંક્રમણ ના સિદ્ધાંત મુજબ કયાં તબક્કામાં દેશમાં નીચો મૃત્યુદર, નીચી પ્રજનન ક્ષમતા અને વધારે મૃત્યુ જોવા મળે છે?

(A) પ્રથમ તબક્કો

(B) ત્રીજો તબક્કો

(C) ચોથો તબક્કો

(D) પાંચમો તબક્કો

264. 2020-21 નો આર્થિક સર્વે કોને સમર્પિત હતો?

(A) કોરોના વોરિયર્સ

(B) ગાલવાન શહીદો

(C) પી. વી. નરસિંહારાવ (શતાબ્દી વર્ષ)

(D) સરદાર વલ્લભભાઈ પટેલ

265. ભારતમાં કયાં સમયગાળાને વસ્તી વિસ્ફોટ નો ગાળો ગણવામાં આવે છે?

(A) 1891 – 1921

(B) 1921 – 1951

(C) 1951 – 1981

(D) 1981 – 2011

266. વર્ષ 2021-22 ના કેન્દ્રિય બજેટમાં આરોગ્ય અને સુખાકારી પાછળ કુલ ખર્ચના કેટલા ટકા ખર્ચ સૂચવવામાં આવ્યો છે?

(A) 2.3

(B) 7.5

(C) 6.5

(D) 1.2

267. વર્ષ 2021નું સેન્સસ કેટલામું સેન્સસ હશે?

(A) 16મુ સેન્સસ

(B) આઝાદી પછીનું 7મુ

(C) આઝાદી પછીનું 14મુ

(D) 12મુ સેન્સસ

268. યુનાઈટેડ નેશન્શ વસ્તી ભંડોળના અંદાજ મુજબ, ભારતમાં કાર્યરત વસ્તી (15 થી 59 વર્ષ) કયાં વર્ષે 65% આસપાસ પહોચશે?

(A) 2030

(B) 2036

(C) 2040

(D) 2055

269. બજાર નિષ્ફળતા અસ્તિત્વમાં શેના કારણે આવે છે?

(A) નકારાત્મક બાહ્ય અસરોને લીધે

(B) હકારાત્મક બાહ્ય અસરોને લીધે

(C) નકારાત્મક અને હકારાત્મક બંને બાહ્ય અસરોને લીધે

(D) નકારાત્મક કે હકારાત્મક બંને પૈકી કોઈ બાહ્ય અસરોને લીધે નહીં

270. ખાનગી પ્રવૃતિઓના કારણે ઉદભાવતા સામાજિક ખર્ચને શું કહેવાય?

(A) ખાનગી ખર્ચ

(B) સામાજિક ખર્ચ

(C) બાહ્ય ખર્ચ

(D) સામાજિક ખર્ચ અને બાહ્ય ખર્ચનો સરવાળો

271. નીચેના પૈકી કોણે આ વિધાન આપેલું છે કે, 'મિલકત અધિકારોની અયોગ્ય સોપણીના કારણે બાહ્ય અસરો ઉદભવે છે તેથી મિલકત અધિકારો યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવા જોઈએ અને લાગુ કરવા જોઈએ.'

(A) એફ. ઈ. એન્જલ્સ

(B) રોનાલ્ડ કોઝ

(C) આર્થર પિગું

(D) કે. ડબલ્યુ. કાપ

272. ભાવિપેઢી માટે કુદરતી પર્યાવરણ અથવા ઐતિહાસિક કે કુદરતી ધરોહરની જાળવણીથી પ્રાપ્ત થતાં સંતોષના મૂલ્ય ને શું કહે છે?

(A) ઉપયોગિતા મૂલ્ય

(B) અસ્તિત્વ મૂલ્ય

(C) વારસા મૂલ્ય

(D) અપેક્ષિત ઉપયોગિતા મૂલ્ય

273. પર્યાવરણીય વસ્તુના મૂલ્ય અંગેની ચોખ્ખી કિમતપદ્ધતિના સંદર્ભમાં નીચેના પૈકી શું સાચું છે?

(A) આ પદ્ધતિ મૂડી ઉપભોગને ઓછો આંકે છે.

(B) આ પદ્ધતિ મૂડીના અંદાજોની નિમ્નતમ મર્યાદા દર્શાવે છે.

(C) આ પદ્ધતિ પર્યાવરણીય ખર્ચના અંદાજોની ઉચ્ચતમ મર્યાદા દર્શાવે છે.

(D) આ પદ્ધતિ પર્યાવરણીય ખર્ચ અંદાજોની નિમ્નતમ મર્યાદા દર્શાવે છે.

274. નીચેના પૈકી કોણે એવું દર્શાવ્યું છે કે, પ્રદૂષણના ફેલાવા દ્વારા પેઢી જે સામાજિક ખર્ચ પેદા કરે છે તેને 'પ્રદૂષણ વેરો' નાખીને સમતોલ કરી શકાય છે?

(A) રિચાર્ડ કોઝ (B) રીડકર અને હેનિંગ

(C) ક્લોસેન અને નેશ (D) આર્થર પિગું

275. જો આપેલા પ્રત્યક્ષ ઉપયોગ મૂલ્ય D, પરોક્ષ ઉપયોગ મૂલ્ય ID અને બિન-ઉપયોગ મૂલ્ય NU, તો કુદરતી સંસાધનોનું કુલ આર્થિક મૂલ્ય કેટલું રહેશે?

(A) (D – ID) + NU (B) (D + ID) + NU

(C) (D + ID) – NU (D) (D – ID) – NU

276. કાર્ટેલ વાળા સંગઠિત અલ્પહસ્તક ઇજારાના મોડેલમાં...

(A) AC અને AR રેખા જ્યાં પરસ્પર છેદે છે ત્યાં સંયુક્ત નફાનું નિર્ધારણ થાય છે.

(B) નીચો ખર્ચ ધરાવતી પેઢીઓ ઉત્પાદનનો ઓછો જથ્થો મુકશે.

(C) ઊંચો ખર્ચ ધરાવતી પેઢીઓ ઉત્પાદનનું વધારે પ્રમાણ મુકશે.

(D) સંયુક્ત નફાના વેચાણનો નિર્ણય કાર્ટેલની મધ્યસ્થ પેઢી કરશે.

277. 2021ના આર્થિક સર્વે અનુસાર NSO દ્વારા ભારતમાં વર્ષ 2020-21 દરમિયાન વાસ્તવિક જીડીપી માં સંકોચનનો દર કેટલો અંદાજવામાં આવ્યો છે?

(A) 4.2 ટકા (B) 6.5 ટકા

(C) 7.7 ટકા (D) 8.7 ટકા

278. કયાં સમયગાળા માં ભારતીય અર્થતંત્રમાં દુષ્કાળ અને રાજકીય અસ્થિરતાના કારણે વાસ્તવિક જીડીપી માં ઘટાડો જોવા મળ્યો હતો?

(A) 2020-21 (B) 1979-80

(C) 1971-72 (D) 1965-66

279. NSO ના અંદાજ મુજબ નીચે પૈકી કયાં સમયગાળા માં ભારતની વાસ્તવિક જીડીપી માં સ્થિતિસ્થાપક વી-શેપ સુધારણા જોવા મળી?

(A) 2019-20 ના નાણાકિય વર્ષના પ્રથમ અર્ધ ચરણમાં

(B) 2018-19ના નાણાકીય વર્ષના દ્વિતીય અર્ધ ચરણમાં

(C) 2020-21 ના નાણાકીય વર્ષના પ્રથમ અર્ધ ચરણમાં

(D) 2019-20 ના નાણાકીય વર્ષના દ્વિતીય અર્ધ ચરણમાં

280. 2021 ના આર્થિક સર્વેક્ષણ મુજબ કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓના વૃદ્ધિદરમાં વર્ષ 2011-12 ની સ્થિર કિમતે વર્ષ 2020-21માં કુલ કેટલો મૂલ્ય ઉમેરો (GVA) થયો?

(A) 6.8 ટકા (B) 5.9 ટકા

(C) 4.3 ટકા (D) 3.4 ટકા

281. ઓગષ્ટ, 2020 થી ભારત સરકારે લલણી પછીના સમયગાળા ના વ્યવસ્થાપન માટે મધ્યમ થી ટૂંકાગાળાની નાણાકીય સવલતો પૂરી પડતું 'કૃષિ આંતર માળખાકીય ભંડોળ' ઊભું કર્યું છે. જેનો સમયગાળો 2020-21 થી કયાં સુધીનો છે?

(A) 2024-25
(B) 2026-27
(C) 2029-30
(D) 2030-31

282. 2011-12 થી 2020-21 ના સમયગાળા દરમિયાન ભારતમાં કુલ મૂલ્ય ઉમેરા (GVA) માં ક્યાં ક્ષેત્ર ના ફાળામાં વધારો થયો, જ્યારે બાકીના ક્ષેત્રના ફાળામાં ઘટાડો થયો?

(A) ખાણ, અને ખોદકામ
(B) મેન્યૂફેક્ચરિંગ
(C) વીજળી, ગેસ, પાણી અને અન્ય સેવાઓ
(D) બાંધકામ

283. સુધારેલા (છેલ્લા) MSME વર્ગીકરણ મુજબ મેન્યૂફેક્ચરિંગ અને સેવા ઉધ્યોગને મધ્યમ કદનો ઉધ્યોગ કહેવાય જો તેમાં...

(A) રૂ. 10 કરોડથી વધારે અને રૂ. 20 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય અને રૂ. 50 કરોડથી વધારે અને રૂ. 100 કરોડથી ઓછું ટર્નઓવર થતું હોય.

(B) રૂ. 50 કરોડથી વધારે અને રૂ. 100 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય ને રૂ. 100 કરોડથી વધારે અને રૂ. 200 કરોડથી ઓછું ટર્નઓવર થતું હોય

(C) રૂ. 1 કરોડથી વધારે અને રૂ. 10 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યુ હોય અને રૂ. 5 કરોડથી વધારે અને રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર થતું હોય.

(D) રૂ. 5 કરોડથી વધારે અને રૂ. 50 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય અને રૂ. 1 કરોડથી વધારે અને રૂ. 5 કરોડથી ઓછું ટર્નઓવર થતું હોય.

284. વર્ષ 2019-20 માં ભારતમાં ક્યાં ક્ષેત્રનો ફાળો જી.વી.એ. (GVA) માં સૌથી વધારે હતો?

(A) રેલ્વે
(B) માર્ગ પરિવહન
(C) જળ પરિવહન
(D) વાયુ પરિવહન

285. 9 મી મે, 2020 ના રોજ ભારત સરકારે 'ચેમ્પિયન્સ' નામનું ઓનલાઈન પ્લેટફોર્મ કોની મદદ માટે ખુલ્લુ મૂક્યું છે?

(A) ખેડૂતો
(B) સ્ટાર્ટ-અપ
(C) MSMEs
(D) વિદેશી કંપનીઓ

286. પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI) અધિનિયમ 17, એપ્રિલ – 2020 મુજબ કોઈ દેશનું એકમ જેની જમીન સરહદ ભારત સાથે જોડાયેલી હોય તે નીચે પૈકી કયાં પ્રકારે મૂડીરોકાણ કરી શકશે?

(A) મુક્ત રાહે
(B) ખુલ્લી રાહે
(C) સ્વાયત રાહે
(D) સરકારી રાહે

287. ભારતમાં ગ્રામીણ સડકો બાદ નીચેના પૈકી કોનો ફેલાવો સૌથી વધારે છે?

(A) રાજ્ય ધોરીમાર્ગ
(B) રાષ્ટ્રીય ધોરીમાર્ગ
(C) પ્રકલ્પ સડકો
(D) શહેરી સડકો

288. મૂલ્યના સંદર્ભમાં વર્ષ 2019-20 માં પેટ્રોલિયમ પેદાશો પછી સૌથી વધારે નિકાસ થતી વસ્તુ તરીકે નીચેના પૈકી કઈ વસ્તુ જળવાઈ રહી?

(A) સોનું અને અન્ય કીમતી ધાતુ જ્વેલરી
(B) મોતી, કીમતી અને અર્ધ કીમતી પથ્થર
(C) લોખંડ અને પોલાદ
(D) દવાઓની બનાવટ અને જૈવિક વસ્તુઓ

289. વર્ષ 2019-20 દરમિયાન ભારતમાથી પ્રથમ અને દ્વિતીય ક્રમે નિકાસો અનુક્રમે નીચેના પૈકી કયાં દેશોમાં થઈ હતી?

(A) યુ.એસ.એ. અને ચાઈના

(B) ચાઈના અને યુ.એ.ઇ.

(C) યુ.એસ.એ. અને હોંગકોંગ

(D) યુ.એસ.એ. અને યુ.એ.ઇ.

290. કૃષિ સેન્સસ અનુસાર ભારતમાં વર્ષ 2015-16 માટે નીચેના પૈકી શું સાચું છે?

(A) કુલ કૃષિ હેઠળની ભૂમિમાં નાના અને સીમાંત કૃષિ હેઠળની ભૂમિ (< 2 હેક્ટર) નું પ્રમાણ 9 ટકા છે.

(B) કુલ કૃષિ હેઠળની ભૂમિમાં મોટા કૃષિ હેઠળના એકમો ( 4 થી 10 હેક્ટર) નું પ્રમાણ 8.6 ટકા છે.

(C) કેરાલા માં કૃષિ હેઠળની જમીનનું સરેરાશ કદ ખૂબ નાનું છે.

(D) આંધ્રપ્રદેશમાં કૃષિ હેઠળની ભૂમિનું સરેરાશ કદ સૌથી ઊંચું છે.

291. કેન્દ્ર સરકારે વૃદ્ધાવસ્થા પેન્શન પૂરૂં પાડવા માટે 'પ્રધાન મંત્રી કિસાન માન ધન યોજના' કઈ શરતે લાગુ પાડી છે?

(A) માત્ર નાના ખેડૂતો અને નાના કૃષિ કામદારો

(B) માત્ર મધ્યમ અને નાના ખેડૂતો

(C) માત્ર નાના અને સીમાંત ખેડૂતો

(D) દરેક વર્ગના ખેડૂતો

292. આપણા દેશમાં જનસંખ્યા સ્થિરતા કોષ દ્વારા નીચેના પૈકી કઈ વ્યુહરચના અપનાવવામાં આવી છે?

(A) અભ્યુન્નતિ વ્યૂહરચના

(B) સંતુષ્ટિ વ્યૂહરચના

(C) પરિપુષ્ટિ વ્યૂહરચના

(D) સંપ્રાપ્તિ વ્યૂહરચના

293. નીચેના પૈકી કયાં બજારમાં જોખમ મુક્ત અને વળતરની ખાતરી વાળી સરકારી જામીનગીરીઓ વહેચવામાં આવે છે?

(A) ગૌણ બજાર

(B) પ્રાથમિક અને ગૌણ બજાર

(C) કંપની જામીનગીરી બજાર

(D) શ્રેષ્ઠ ગુણવતા બજાર (ગિલ્ટએજ માર્કેટ)

294. વર્તમાન સમયે મુસાફરોને ભારતીય રેલ્વેમાં વિશ્વકક્ષાની સુવિધાઓ પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારે 'જાહેર-ખાનગી ભાગીદારી'નું નીચેના પૈકી કયુ મોડેલ સ્વીકાર્યું છે?

(A) સંરચના, સંચાલન અને હસ્તાંતરણ

(B) ડિઝાઇન, સંરચના, નાણાકીય બાબતો અને સંચાલન

(C) સંરચના, માલિકી અને સંચાલન

(D) સંચાલન, જાળવણી અને હસ્તાંતરણ

295. રાજ્યોને થતી સમસ્તરીય નાણાકીય વહેચણીમાં નીચે પૈકી ક્યાં માપદંડ પર પંદરમાં નાણાપંચે સૌથી ઓછો ભાર મૂક્યો છે?

(A) વિસ્તાર

(B) જંગલ અને પર્યાવરણ

(C) કરવેરા અને રાજકોષીય પ્રયત્નો

(D) વસ્તીલક્ષી પ્રદર્શન

296. પંદરમાં નાણાપંચે ભલામણ કરી છે કે, રાજ્યો દ્વારા આરોગ્ય પાછળનો ખર્ચ વર્ષ 2022 ના બજેટમાં .......... ટકા વધવો જોઈએ.

(A) 2

(B) 4

(C) 6

(D) 8

297. પંદરમાં નાણાપંચે નીચેના પૈકી અનુદાનના ક્યાં ઘટકો માટે ઉચ્ચતમ અનુદાનની ભલામણ કરી છે?

(A) મહેસૂલી ખાધ અનુદાન

(B) સ્થાનિક અનુદાન

(C) આપતી વ્યવસ્થાપન અનુદાન

(D) ચોક્કસ ક્ષેત્ર અનુદાન

298. ઓર્ગેનિક કૃષિને પ્રોત્સાહિત કરવા નીચેના પૈકી કઈ યોજના/મિશન કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે?

(A) હર મેઘ પર પેડ

(B) પર ડ્રોપ મોર ક્રોપ

(C) પરંપરાગત કૃષિ વિકાસ યોજના

(D) સંકલિત બાગાયત વિકાસ યોજના

299. નજીકના ભૂતકાળમાં ભારત સરકારે 29 કેન્દ્રિય શ્રમ કાયદાઓને/નિયમોને સરળ, તર્કસંગત કરીને ચાર કોડમાં એકત્રીકૃત કર્યા, આ સંદર્ભમાં નીચેના પૈકી શું સાચું નથી?

(A) વેતન કોડ – 2020

(B) ઔદ્યોગિક સબંધ કોડ – 2020

(C) વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યની શરતો કોડ – 2020

(D) સામાજિક સુરક્ષા કોડ – 2020

300. મિલિયન પ્લસ સિટીઝ ચેલેન્જ ભંડોળ (MCF) પાસેથી પ્રદર્શન આધારિત અનુદાન મેળવવા માટે ભારતમાં કયાં નાણાપંચે દસલાખથી વધારે વસ્તી ધરાવતા શહેરોનો પ્રસ્તાવ મૂક્યો?

(A) દસમું નાણાપંચ

(B) તેરમું નાણાપંચ

(C) ચૌદમું નાણાપંચ

(D) પંદરમું નાણાપંચ